البلاغ ماہنامہ
AL-BALAG MONTHLY

## જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસરનું મુખપત્ર



# અલ-બલાગ

માસિક

ડીસેમ્બર

માનદ તંત્રી

**અહમદ યાકૂબ પટેલ**

મુહતમિમ : જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રી સ્થાનેથી | ૩ |
| નાલ એ ગમ, અહમદ પટેલ રહ. | ૮ |
| ઈસ્લામ વિશે દુશ્મનોની મશ્કરી | ૯ |
| મઆરિફુલ હદીસ | ૧૨ |
| મવ. રશીદ અહમદ સીલુડી રહ. | ૧૭ |
| બાદ મરને કે જૌહર આપ કે જૌહર ખુલે ! | ૨૦ |
| સમગ્ર ભારતીયોના રાહબર .. | ૨૪ |
| પ્રેસ નોટ (મરહૂમ અહમદ ભાઈ) | ૨૭ |
| મર્હૂમ અહમદ ભાઈ પટેલ મારી નજરે | ૨૮ |
| ફતાવા વિભાગ | ૩૪ |
| બોધકથા | ૩૭ |
| છેલ્લા પાને | ૩૮ |


ઝુબૈદ યાની નામના એક બુઝુર્ગ કૂફાની એક મસ્જિદના મુઅઝ્ઝિન હતા.

એમની આદત હતી કે બાળકોને કહેતા આજે જે કોઈ મસ્જિદે આવીને નમાઝ પઢશે એને એક અખરોટ આપીશ. આમ અખરોટના શોખે બાળકો મસ્જિદે આવીને નમાઝ પઢતા અને નમાઝ પછી ઝુબૈદ ઘેરી લેતા અને અખરોટ માંગતા.

લોકોએ એમને પૂછયું કે આ બધું શું છે ?

એમણે જણાવ્યું કે પાંચ દિરહમની અખરોટ ખરીદવી મારા માટે કોઈ મોટું કામ નથી, પણ એનાથી કેટલાયે બાળકોને નમાઝ પઢતાં આવડી જશે અને આદત પણ પડશે.


# અલ બલાગ

માસિક

માનદ તંત્રી :

**મુફતી અહમદ દેવલ્વી**

ડિસેમ્બર – ૨૦૨૦ ઈ.

રબીઉલ આખર – ૧૪૪૨ હિ.

વર્ષ – ૨૦, અંક – ૧૦

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦–૦૦

છુટક કિંમત : ૧૦–૦૦ રૂા.

https://www.jamiahjambusar.in/Al__Balag.php

તંત્રી સ્થાનેથી.

## ભરૂચ–ભારતના સપૂત અને આદર્શ ભારતીય મુસ્લિમ રાજનેતા

# મરહૂમ અહમદ ભાઈ પટેલ રહ.

પાછલા અમુક મહીનાઓથી ચાલી રહેલ કોરોના કહેર દરમિયાન અનેક નાના–મોટા અને જાણીતા–અજાણ્યા લોકો વફાત પામ્યા છે. મોતનું કારણ કોરોના અથવા બીજું જે હોય તે, પણ પાછલા મહીનાઓમાં કોમ અને મિલ્લતના જેટલા સેવકો, ઉલમા, બુઝુર્ગો, સેવાભાવી સામાજિક આગેવાનો, રાજકીય નેતાઓ અને કોમના વડીલો – રાહબરો આપણે ગુમાવ્યા છે, એમની સંખ્યા ઘણી વધારે છે. બીમારીના સબબ થઈ રહેલા વધુ મૃત્યુના કારણે કોમના રાહબરો, સેવકો અને વડીલોની મોતનો એહસાસ પણ આપણા દિલમાંથી ઓછો થતો જાય છે. બે દિવસ પહેલાં જ આપણા સમાજના મોટા ખેરખ્વાહ, રાહબર, સેવક, મુહસિન અને રાજકીય આગેવાન જનાબ અહમદ ભાઈ પટેલ રહ. આપણને છોડીને ખુદાની રહમતમાં પહોંચી ગયા.

મરહૂમ અહમદ ભાઈ ભરૂચ જિલ્લાના વતની હતા, ગુજરાતી હતા, મુસલમાન હતા, કોંગ્રેસી હતા અને બધાની સાથે ભારતીય હતા. ભારતીય મુસ્લિમો પોતાની જે વિશેષતા માટે ગર્વ અનુભવે છે અને જેના માટે વિશ્વભરમાં એમને સન્માનની નજરે જોવામાં આવે છે, એ ઉદારતા, બંધુત્વ, સેકયુલરિઝમ અને દેશપ્રેમની અનોખી મિસાલ પણ હતા અને મશાલ પણ ...

ભારતના સાચા નાગરિક અને કોંગ્રેસી વિચારસરણીના પાકા વાહક અને પ્રચારક હોવાની સાથે તેઓ સાચા મુસલમાન હતા. દેશપ્રેમ, વફાદારી, ભાઈચારો, કરુણા, અંતર અને મનની નિખાલસતા, હિન્દુ – મુસ્લિમ એકતા અને લોકશાહીને તાબે રહીને જ રાજકરણ કરવાની પાકી નીતિ, પક્ષ અને ગાંધી પરિવારના વિશ્વાસુ હોવું, હોદ્દા, મંત્રીપદ કે સુરક્ષાના નામે ભપકાથી દૂર રહેવું, વગેરે ગુણો એક સાચા – પાકા મુસલમાનમાં જ જોવા મળી શકે.

અતિ વ્યસ્ત અને ઉચ્ચ જવાબદારીઓ સંભાળવા છતાં સામાન્યજનની મદદ માટે સદાયે તત્પર અને ઉપલબ્ધ રહેતા હતા, પક્ષથી ઉપરવટ જઈને પણ અંગત સંબધો સાચવતા હતા. પોતાના વતન અને સગાઓથી પણ જોડાયેલા રહેતા હતા. નવી જૂની બધી ઓળખાણોને સાચવીને સુખ – દુખના સમયે પોતે તો એનો હક અદા કરવાનો પ્રયત્ન કરતા હતા પણ કદી વ્યકિતગત સ્વાર્થ માટે તો નહીં જ, રાજકીય સ્વાર્થ માટે પણ અંગત સંબધોને વાપરીને દબાવ કરતા ન હતા.

મુજ નાચીઝ સાથે પણ એમનો ઘરોબો હતો. તેઓ પ્રથમવાર લોકસભામાં ચુંટાયને પહોંચ્યા ત્યારથી જ સંબંધ હતો. તે સમયે ફિદાએ મિલ્લત હઝરત મવલાના અસ્અદ મદની રહ.ની સાથે હું પણ એમના માટે અને ક્રોંગ્રેસના પ્રચાર અર્થે ફરતો હતો. મરહૂમ અહમદભાઈ જમીઅત અને એની સેવાઓથી પણ સારી રીતે પરિચિત હતા. બલકે કોમી એકતાની હિમાયત, અને દેશના સેકયુલર માળખાને અનુરૂપ રહેવા અને લઘુમતિઓ તેમજ વંચિત સમાજની સેવા કરવાની નીતિને અનુસરવાના કારણે તેઓ પણ જમીઅતી હતા, પણ સક્રિય રાજકરણમાં જતા રહયા હતા એમ કહેવાય.

કહી શકાય કે એમના રાજકરણમાં સક્રિય થવાના દિવસથી હું એમને ઓળખું છું અને તેઓ મને ઓળખતા હતા. આ લાંબા સમયગાળામાં સંબંધો સચવાયેલા રહયા, આગળ વધતા રહયા અને એમનો સહકાર પણ મળતો રહયો, એ એમની ઉદારતા હતી. આ દરમિયાન તેઓ તો સતત પ્રગતિ કરતા રહયા, લોકસભા પછી રાજયસભામાં પહોંચ્યા. રાજીવગાંધીના સેક્રેટરી બન્યા, બલકે એક ઝમાનામાં રાજીવજીએ એમને અમરસિંહ ચોધરીના સ્થાને ગુજરાતનું મુખ્યમંત્રી સ્વીકારવાનો આગ્રહ કર્યો હતો, પણ તેમણે એમના સ્વભાવ મુજબ પક્ષમાં રહીને કામ કરવાને પ્રાધાન્ય આપ્યું હતું. પક્ષના અનેક હોદ્દાઓ ઉપર તેઓએ કામ કર્યું. છેલ્લે ૨૦૦૪ થી ૨૦૧૪ સુધી યુ.પી.એ.ની સરકાર દરમિયાન તેઓ સત્તામાં બીજા કે ત્રીજા નંબરે કહેવામાં આવતા હતા. એમની વફાત પછી લખવામાં આવી રહેલ અનેક લખાણોમાં પત્રકારો, ઈતિહાસકારો અને રાજકરણીઓ લખી રહયા છે કે તેઓ ઈચ્છત તો ગમે તેવું મોટું ખાતું બલકે રાષ્ટ્રપતિના હોદ્દા સુધી જઈ શકે એમ હતા, પણ મરહૂમને આવા સરકારી હોદ્દાઓની લાલચ જ ન હતી.

તેઓ નિષ્ઠાવાન હતા, અને એમની નિષ્ઠા સેવા અને સહાયમાં હતી, પક્ષ અને પક્ષની વિચારસરણીમાં હતી. રાજીવજીની હત્યા પછી નરસિમ્હારાવના સમયકાળમાં કોંગ્રેસ પક્ષ સેકયુલર વિચારસરણીથી દૂર જઈ રહયો હતો, અને એના જ પ્રતાપે કોંગ્રેસ પક્ષ કમઝોર થયો તો છેલ્લે વાજપેયી સરકાર બનવાની નોબત આવી હતી, આ સમયે સોનિયાગાંધીને રાજકરણમાં સક્રિય કરીને કોંગ્રેસને ફરી બેઠી કરવામાં અને સેકયુલર વિચારસરણી ધરાવતા પક્ષોને એક કરીને ૧૦ વરસ સુધી સત્તા ઉપર બેસાડવામાં એમનો મોટો બલકે કેન્દ્રિય ફાળો હતો.

આટલી બધી પ્રગતિ કર્યા પછી પણ એમનો સ્વભાવ અને સંબંધ વધારે મિલનસાર અને નમ્રતાવાળો બનતો ગયો. જમીઅતે ઉલમા, મુસ્લિમ પર્સનલ લો બોર્ડ, ફિકહ એકેડમી, વગેરે સંસ્થાઓની મીટીંગો કે અન્ય કામ અર્થે પહેલાં હું

જયારે પણ દિલ્હી જતો તો એમના નિવાસ સ્થાને જરૂર મળવા જતો. તેઓ સારો આવકાર આપતા, ચા – નાસ્તો કે ખાવાનું સમયાનુસાર એમની સાથે કરાવતા અને કોઈ કામ લઈને ગયા હોઈએ તો યોગ્ય સહકાર પણ આપતા હતા. પછી યુ.પી.એ. સરકારોના સમયગાળામાં એમની મશ્ગૂલીના કારણે હું પોતે જ એમને મળવા જવાનું ટાળતો હતો. આ દિવસોમાં કે.રહમાન ખાન લઘુમતી બાબતોના મંત્રી હતા, એકવાર એમણે બોલાવેલ મીટીંગમાં જવાનું થયું, હું મીટીંગમાંથી બહાર નીકળતો હતો, એવામાં જ એમની ગાડી આવી, ગાડી થોભાવીને મુલાકાત કરીને કહેવા લાગ્યા કે હવે તમે ઘરે આવતા નથી, આવતા રહો તો મને સારું લાગશે. મેં એમને કહયું કે તમારી સહુલત ખાતર આવવાનું ઓછું કરી દીધું છે, હવે આપ સાહેબ ઘણા આગળ વધી ગયા છો અને કામ વધારે રહેતું હશે.

જંબુસર કે આસપાસ કોઈ જગાએ આવવાનું થતું તો જામિઅહની મુલાકાતે અચુક આવતા હતા, ચુટણી પ્રચારના દિવસોમાં પણ, ગમે તેવા વ્યસ્ત હોય, જામિઅહ માટે જરૂર સમય ફાળવતા હતા. અને અમુક લોકોને ચુંટણીલક્ષી વિશેષ મુલાકાત માટે પણ જામિઅહમાં જ આવવાનું કહેતા હતા. બહુધા એવું થતું કે સ્થાનિક કાર્યકરોનો અસંતોષ અને વિવાદ પતાવવા ખાતર જામિઅહના મહેમાનખાનાને જ યોગ્ય સ્થાન સમજતા હતા. અહિંયા તેઓ નમાઝ વગેરેથી પણ ફારિગ થતા અને કાર્યકરો સાથે શાંતિથી વાત કરવાનો પણ મોકો પણ મળી જતો. આવી મીટીંગોમાં મેં જોયું કે કદી ગુસ્સે થતા ન હતા. તું – તુકારમાં પણ કોઈને સંબોધતા ન હતા. કોઈને વધારે સમજાવીને રાજી કરવો હોય તો છેલ્લે એને 'ભઈલા'ના હુલામણા શબ્દથી પોકારીને સમજાવવાનો પ્રયત્ન કરતા. અને આ વાત તો બધા જ સ્વીકારે છે કે અહમદ ભાઈ પાસે લગભગ દરેકને એની સમસ્યાનું સમાધાન મળી જતું અને તેઓ દરેકની રાજી – ખુશ કરીને જ પાછો મોકલતા હતા.

રાજકરણ અને એનાથી જ સંલગ્ન સામાજિક કે પ્રજાકીય કામો કરવા તો આપની ફરજ અને જવાબદારીમાં શામેલ હતું જ, અને એમાં તેઓ કદી ઉણા ન ઉતરતા હતા, આજે એમની વફાત પછી અનેક હિન્દુ – મુસ્લિમ વ્યકિતઓ અને સંસ્થાઓ એની ગવાહી આપી રહી છે. રોજ અનેક સંસ્થાઓ અને વ્યકિતઓ તરફથી એમની સેવાને બિરદાવીને એમને ખિરાજે અકીદત આપવામાં આવી રહી છે. પણ .. આ બધા વચ્ચે તેઓ કોમી અને મિલ્લી જવાબદારીઓથી પણ ગાફેલ ન હતા. તેઓ સ્વભાવે ધાર્મિક હતા, ધર્મને દિલથી અનુસરતા હતા, અર્થાત પાકા મોમિન અને મુસલમાન હતા. એટલે મુસ્લિમ કોમ અને સમાજનું હિત પણ એમના હૈયે વસેલું હતું. આ લાગણીને તેઓ પક્ષના માધ્યમથી વધારે સાચવતા હતા, પણ

અનેકવાર પક્ષથી આગળ વધીને વ્યકિતગત કામ સમજીને પણ કોમી ભલાઈના કામોમાં તેઓ ભાગ લેતા હતા. ૧૯૯૨ના તોફાનોમાં ભરૂચ ખાતેથી પકડીને ખોટી રીતે જેલમાં નાખવામાં આવેલ મુસ્લિમ યુવાનોને છોડાવવા ખાતર મેં એમને મદદની દરખાસ્ત કરી તો એનો સઘળો ખર્ચ આપ રહ.એ ઉઠાવ્યો હતો. સુપ્રિમમાં આ કેસ તે વેળા જમીઅતના વર્કીંગ મેમ્બર અને સુપ્રિમ કોર્ટના વકીલ એડવોકેટ શકીલ અહમદ સય્યદ સાહેબ લડયા હતા. ખુદા તઆલાના ફેસલા પણ અજીબ હોય છે, મેદાંતા હોસ્પિટલમાં જ તા.૨૪ નવેમ્બરના રાત્રે એડવોકેટ શકીલ સાહેબ ની વફાત થઈ અને એ જ સવારે અહમદ ભાઈ અલ્લાહને રહમતે પહોંચી ગયા.

મરહૂમ વિશે આજે બધા લખી રહયા છે કે તેઓ ફકત રાજકીય ગણતરી માંડીને જ કોઈનું કામ કરતા હોય એવું ન હતું. બલકે વ્યકિતગત રીતે ગરીબો અને જરૂરતમંદોને સહાય કરવા માટે પણ સદા તત્પર રહેતા હતા. સરકારી નોકરી કે ખાનગી કંપનીઓમાં નોકરી મેળવવા, કામોની મંજૂરી મેળવવા, કોઈ ફાઈલ પાસ કરાવવા, વગેરે કામો અર્થે ઘણા લોકો મારી પાસે અહમદભાઈના નામે ભલામણ પત્ર લખાવવા આવતા હતા, આવા અનેક પત્રોને આપ રહ. સન્માન આપીને જરૂરી કાર્યવાહી કરી આપતા હતા. એમની મુલાકાતે જનારને મુલાકાતનો સમય મેળવવાની મુંઝવણ રહે એ સ્વભાવિક છે. એટલે હું મારો પત્ર લઈને જનારને કહેતો તો કે તમારે વહેલી સવારે એમની ઓફિસે પહોંચી જવું, અને તેઓ આવે કે તુરંત મારો પત્ર બતાવી દેવો. પત્ર લઈ જનાર લોકો આમ જ કરતા અને અહમદ ભાઈ ગુજરાતી લખાણ અને મારું નામ વાંચીને તુરંત એમને અંદર લઈ જતા અને કામ કરવાની ખાતરી આપતા હતા.

અહમદભાઈ રહ.ની વફાત પછીના દિવસોમાં મુસ્લિમ – ગેરમુસ્લિમ અનેક લોકોએ એમની સેવાઓને બિરદાવતાં લખાણો લખ્યાં, શોક સંદેશાઓ પાઠવ્યા, સંસ્મરણો વાગોળ્યા. એમાં ઘણા બધા નવા તથ્યો પણ સામે આવ્યાં, મરહૂમની અનેક ખૂબીઓ લોકો સામે આવી, પણ જે બાબત મને ગમી ગઈ તે આ છે કે, એમને ઓળખનાર હિંદુ – મુસ્લિમ દરેકે એમની ધર્મપરાયણતા અને નમાઝ વગેરેની પાબંદીનો ઉલ્લેખ કરીને એમની તારીફ કરી છે. કોંગ્રેસના હોવાથી, સેકયુલર હોવાથી, વધુ પડતો સમય રાજકીય ગતિવિધીઓમાં ગાળતા હોવાથી... દેશભરમાં મંદિર – મસ્જિદ દરેક સ્થળે એમણે જવાનું થતું હતું, છતાં કોઈએ એમ નથી કહયું કે અહમદભાઈ આધુનિક કે મોર્ડન વિચારસરણી વાળા હતા, જૂનવાણી મુસલમાન ન હતા, ધર્મને અફીણ સમજતા હતા, ધાર્મિક ગતિવિધીઓ અને ક્રિયાકાંડોમાં વિશ્વાસ ધરાવતા ન હતા..

અનેક ભાષણોમાં રામાયણ, મહાભારત અને રામ, લક્ષ્મણ, વગેરેના કિસ્સાઓ કે શિખામણો એમના મુખેથી ઘણી સરળતાથી સાંભળવા મળતાં હતાં, છતાં કોઈએ એમને કાચા મુસલમાન કે અર્ધા હિન્દુ કહેવાની હિમ્મત નથી કરી, બલકે એમનાથી પરિચિત દરેકે એમને ઈસ્લામી ઈબાદતો અને મુસ્લિમ સંસ્કારોના પાબંદ વ્યકિત તરીકે જ ઓળખાવ્યા છે. આ જ એમની મહાનતા છે, ભારતીય સમાજને અનુરૂપ કોમી એકતા અને સૂફીવાદનું એક સ્વરૂપ છે જેના થકી ભારતીય ઉપખંડમાં ઈસ્લામ સ્વીકાર્ય બન્યો, મુસલમાનોને સ્થાન મળ્યું અને તેઓ ભારતીય સમાજમાં ભળીને એને એક નવી દિશા આપવામાં સફળ રહયા.

આ નાચીઝ અને જામિઅહ ઉલૂમુલ કુરઆન, મોલાના મદની મેમોરિયલ સ્કૂલ, જામિઅહ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ, જામિઅહ આઈ.ટી.આઈ. અલમહમૂદ જનરલ હોસ્પિટલનો સમગ્ર સ્ટાફ, ઉલમાએ કિરામ, ડોકટરો, શિક્ષકો અને કાર્યકરો, મરહૂમની વફાતથી ગમગીન છીએ, એમના સગાઓની સેવામાં તઅઝિયત કરીએ છીએ અને દુઆ કરીએ છીએ કે..

અલ્લાહ તઆલા મરહૂમની મગફિરત ફરમાવે. જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા કરે. એમની સેવાઓને કબૂલ ફરમાવે. એમના થકી દેશ અને સમાજને જે લાભ હતો, એને જારી રાખે. એમના સગાઓને સબ્ર આપે.

---

*અનુસંધાન પેજ ૮ થી આગળ :*

અનગિનત અરબાબે દાનિશ કો અતા કી આનો બાન
એહલે તકવા સે મુહબ્બત કી, રહી જબ તક કે જાન
તુજ કો થી સચ્ચી મુહબ્બત જામિઆતે ઈલ્મ સે
ઔર ગેહરી થી અકીદત ખાદિમાને ઈલ્મ સે
જંબુસર કે જામિઅહ કા તેરી અઝમત કો સલામ
કષરતે આમદ કો તેરી યાદ રખ્ખેગા મુદામ
હે દુઆ અહમદ કી અપને ભાઈ અહમદ કે લિએ
બખ્શ દે ઉનકો મુકમ્મલ એ મેરે પરવરદિગાર
કબ્રમેં ભી સુકૂં દે, હશ્ર મેં દે તૂ સબાત
ઔર જન્નત મેં બુલન્દ દરજાત મેં ઉન્કો કરાર

આમીન યા રબ્બલ આલમીન..

# નાલએ ગમ

# બર વફાતે મર્હૂમ અહમદ ભાઈ પટેલ સાહબ

અઝ : મુફતી અહમદ દેવલા,
રઈસ : જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર જિઃભરૂચ

---

વો કે જો થા એક ચિરાગે ઝૌફશાં અહમદ પટેલ
કાંગ્રેસ કે એક મિસાલી રાહનૂમા અહમદ પટેલ
અપને પ્યારે મુલ્ક પર હર દમ ફિદા અહમદ પટેલ
નાઝિશે હિન્દુસ્તાં થે બિલયકીં અહમદ પટેલ
સાફ ઔર સુથરી સિયાસત કે અમીં અહમદ પટેલ
હિન્દ મેં આઝાદ કે થે જાનશીં અહમદ પટેલ
કૌમ કે બે લોષ ખાદિમ બિલ્યકીં અહમદ પટેલ
નફરતોં કે જાલ સે રેહતે હઝીં અહમદ પટેલ
શોહરતોં સે દૂર જો રેહતા થા વો અહમદ પટેલ
મન્સબોં સે મુંહ ચિળાતા થા વો અહમદ પટેલ
દોસ્તોં કે સર કા જો થા તાજ વો અહમદ પટેલ
ઔર મુખાલિફ પર ભી કરતા રાજ વો અહમદ પટેલ
તૂને કદ ઊંચા કિયા તેરે વતન કા એ પટેલ
ફખ્ર કરતા હૈ ભરૂચ તેરે જતન પર એ પટેલ
સૂબએ ગુજરાત કા તૂ દુર્રે યકતા એ પટેલ
કર ફિદા રુખ્સત હુવા ભારત પે જાનો તન પટેલ
પાસદારી ઔર વફા કા તૂ મુજસ્સમ શાહકાર
રાહબરાને મુલ્ક પર કાઈમ રહા તેરા વકાર
અપને પુરખોં કી રિવાયત કા રહા તૂ પાસદાર
ઔર ઈસ્લામી અદબ પર ભી રહા તૂ બરકરાર
બીસીયોં મુલ્કી ઈદારે તેરી ખિદમત કે નિશાં
સેંકળોં અહબાબ કી બેશક બળ્હાઈ તૂને શાન

—— અનુસંધાન પેજ નંબર ૭ ઉપર...

# મૃત્યુનું અટલ હોવું અને દીન બાબતે મશ્કરી સાંભળવાની કસોટી

—મુફતી ફરીદ અહમદ કાવી

بسم الله الرحمن الرحيم

كُلُّ نَفْسٍ ذَآئِقَةُ الْمَوْتِ ؕ وَاِنَّمَا تُوَفَّوْنَ اُجُوْرَكُمْ يَوْمَ الْقِيٰمَةِ ؕ فَمَنْ زُحْزِحَ عَنِ النَّارِ وَاُدْخِلَ الْجَنَّةَ فَقَدْ فَازَ ؕ وَمَا الْحَيٰوةُ الدُّنْيَآ اِلَّا مَتَاعُ الْغُرُوْرِ ﴿١٨٥﴾ لَتُبْلَوُنَّ فِيْٓ اَمْوَالِكُمْ وَ اَنْفُسِكُمْ ۫ وَلَتَسْمَعُنَّ مِنَ الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ مِنْ قَبْلِكُمْ وَمِنَ الَّذِيْنَ اَشْرَكُوْٓا اَذًى كَثِيْرًا ؕ وَاِنْ تَصْبِرُوْا وَتَتَّقُوْا فَاِنَّ ذٰلِكَ مِنْ عَزْمِ الْاُمُوْرِ ﴿١٨٦﴾

તરજમહ : દરેક જીવ મૃત્યુ (ની મજા) ચાખશે અને તમને કિયામતના દિવસે તમારો બદલો પૂરો આપવામાં આવશે. એટલે જે કોઈ દોઝખથી હટાવી દેવામાં આવે અને અને જન્નતમાં દાખલ કરી દેવામાં આવે તે સફળ જ થયો (સમજો), અને દુનિયાની જિંદગી તો ધોકા (ભમ્ર)ની પૂજી સિવાય કંઈ નથી. (૧૮૫) તમને તમારા માલ અને તમારા પ્રાણ (માણસો) બાબતે જરૂર અજમાવવામાં આવશે અને જે લોકોને તમારા પહેલાં કિતાબ આપવામાં આવી છે તેઓથી તેમજ શિર્ક કરનાર લોકો (ના મુખે)થી ચોક્કસ તમને ઘણી દુ:ખદ વાતો સાંભળવા મળશે, પણ જો તમે સબર કરશો અને પરહેઝગાર રહેશો તો એ (ઘણી) હિમ્મતની વાત છે. (૧૮૬)

તફસીર : અગાઉની આયતોમાં યહૂદી દુશ્મનોની હરકતો બાબતે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને તસલ્લી આપતાં અલ્લાહ તઆલાએ ફરમાવ્યું હતું કે, તમારા પૂર્વે પણ અનેક રસૂલોને તેઓ જૂઠાડતા હતા, એટલે આ એમના અંદર બાપદાદાઓના ઝમાનાથી ચાલતો આવતો ગુનો છે, એનાથી તમને કંઈ નુકસાન નહીં થાય, તમારે

એકચિત્તે પોતાના કામમાં વળગી રહેવું જોઈએ.

હવે અત્રે આયત નં ૧૮૫માં પણ આ જ વાતને આગળ વધારીને અલ્લાહ તઆલા ફરમાવે છે કે અસલ સફળતા આખિરતની છે. માણસે એના માટે મહેનત કરી છુટવાની છે. તમને મુસલમાનોને પણ અને દુશ્મનોને મૃત્યુ પછી આખિરતમાં ખબર પડશે કે કોણ કામ્યાબ થયું અને કોણ બરબાદ થયું ?

કદી એવું પણ બને કે દુશ્મન હાવી થઈ જાય, દુનિયાના અસબાબ અને સુખ – સમૃદ્ધિ એમને મળી જાય અને મુસલમાનો પરાસ્ત થઈ જાય, મુસીબતોમાં સપડાય અને લાચાર થઈ જાય... તો એ નવાઈની વાત નથી. એનાથી નાસીપાસ ન થવું જોઈએ. આવી સ્થિતિમાં પણ આખિરતના સાચા વાયદાનો સહારો પકડીને દીન ઉપર અડગ રહેવું જોઈએ.

બધા ધર્મના લોકો અને ગમે તે વિચારસરણી ધરાવતા હોય, દરેક આ બાબતે તો સહમત જ છે કે આ દુનિયાની રાહત અને પરેશાની ટુંકી અને ક્ષણિક હોય છે. માનવી સહિત જીવ ધરાવતું કોઈ પણ જાનવર મોતથી દૂર નથી રહી શકતું. દુનિયાની રાહત કે મુસીબત સામાન્ય પણે દુનિયામાં જ બદલાય જાય છે, અને કદાચ દુનિયાની પરેશાની આખું જીવન ખતમ ન પણ થાય, પણ મોત ટાણે તો બધું જ ખતમ થઈ જાય છે, માટે હોશિયાર માણસ દુનિયાની ચાર દિવસની જીંદગીની રાહત કે મુસીબતની ફિકર નથી કરતો, બલકે મોત પછીની કાયમી રાહત – આરામ અને નજાતની ફિકર કરે છે.

આ આયતમાં અલ્લાહ તઆલાએ આ જ બાબત ફરમાવી છે કે, દરેક જીવંતનો અંત છે અને પછી આખિરતમાં પોતાના આમાલની સજા ભોગવશે. જે લાંબી પણ હશે અને આકરી પણ હશે. આખિરતના હિસાબે જે માણસને જહન્નમથી છુટકારો મળે અને જન્નતમાં પ્રવેશ મળે એ કામ્યાબ છે, નેક લોકો સાથે અલ્લાહ તઆલા આ જ વર્તાવ કરશે. અથવા તો થોડો સમય ગુનાહોની સજા ભોગવીને જન્નતમાં જશે, જેમ કે ગુનેગાર મુસલમાનો સાથે અલ્લાહ તઆલાનો વર્તાવ હશે. એનાથી વિપરીત ખુદા

અને રસૂલના દુશ્મનો માટે જહન્નમ છે, સદા એમાં રહેશે. આવા લોકો જો દુનિયાની ખતમ થનારી રાહતો અને દોલત બાબતે ઘમંડ કરતા હોય તો એમને ધોકો થાય છે.

અલ્લાહ તઆલા આ દુનિયામાં નેક લોકોને, ગુનેગારોને અને કાફિરો, દરેકને માલ અને માણસોના થકી મળતી સદ્ધરતા અને સમૃદ્ધિ બાબતે વધારો – ઘટાડો કરીને અજમાવે છે, અથવા તો જાન – માલની કુરબાની લઈને અજમાયશ કરવામાં આવે છે. માણસે આ બધી અજમાયશ અને કસોટીઓમાં અડગ રહેવું જરૂરી છે.

આ આયતમાં એક વિશેષ અજમાયશ વિશે પણ પહેલાંથી જ ચેતવી દેવામાં આવ્યા છે કે તમારા પૂર્વેના નબીઓના અનુયાયીઓ, જેમને એમના નબીઓ મારફત કિતાબ આપવામાં આવી છે, એટલે કે યહૂદીઓ, ઈસાઈઓ તેમજ એવા લોકો જેઓ કોઈ નબીને કે આસમાની ધર્મને અનુસરતા નથી, બલકે અલ્લાહને એક પણ નથી માનતા અને શિર્ક કરે છે, આ બધા લોકો તરફથી મુસલમાનોને ઘણી બધી બુરી, દુખદાયક અને આઘાતજનક વાતો સાંભળવાની થશે. તેઓ ખુદાને, રસૂલને, મુસલામાનોને, ઈસ્લામને, ઈસ્લામી ઈબાદતોને, બુરું ભલું કહેશે. ગાળો દેશે. ઠેકડી ઉડાવશે. વગેરે... આવા સમયે મુસલમાનોએ સંયમ જાળવવાનો છે, અલ્લાહથી ડરવાનું છે. વળતા આવેશમાં કોઈ એવું કામ ન કરવામાં આવે જેમાં ગુનો લાગુ પડે કે મુસલમાનો અને ઈસ્લામની શાન મુજબ ન હોય. સયંમ રાખવો, ધીરજ ધરવી, સબ્ર કરવો, અને ચુપચાપ બધું સહી લેવું, ઘણું અઘરું કામ છે, એટલે અલ્લાહ તઆલા ફરમાવે કે આ હિમ્મતનું કામ છે. સામો જવાબ આપીને એમના જેવી હરકત કરી બતાવવી એ હિમ્મતનું કામ નથી. બલકે સબર રાખીને પોતાના સંસ્કાર બતાવવા હિમ્મતનું કામ છે.

---

# મઆરિફુલ હદીસ

હઝરત મવલાના મંઝૂર નોમાની (રહ.)

**અનુવાદ** : *મવલાના યાકૂબ બારીવાલા સા. રહ.*

*(બ્લેકબર્ન. યુ.કે.)*

૧૪૯

***મય્યતનું ગુસલ અને કફન***

અલ્લાહના જે બંદાઓ આ જગતથી વિદાય થઈ મૃત્યુના રસ્તે આખિરતના ઘર તરફ પ્રયાણ કરે છે. ઈસ્લામી શરીઅતે તેને માન મરતબા સાથે વિદાય કરવાની એક અગત્યની રીત નક્કી કરી છે. જે ઘણી જ ઉમદા અને છેલ્લી હદે ખુદા પરસ્તી તેમ મહાન લાગણી દર્શાવતી શરીફ લોકોની રીત છે. હુકમ છે કે પહેલાં મય્યતને ઠીક એ મુજબ ગુસલ દેવામાં આવે, જેમ કોઈ જીવતો માણસ પાકી અને સ્વચ્છતા પ્રાપ્ત કરવા માટે ગુસલ કરે છે. આ ગુસલ કરવામાં સફાઈ અને સ્વચ્છતા સિવાય ગુસલના અદબોનો પણ પુરો ખ્યાલ રાખવામાં આવે, ગુસલના પાણીમાં તે ચીઝો મેળવવામાં આવે, જે મેલ સાફ કરવા માટે લોકો જીવનમાં પણ ગુસલમાં વાપરે છે. તે સિવાય છેવટે કપુર જેવી ખુશ્બો પણ પાણીમાં મેળવવામાં આવે જેથી મય્યતનું શરીર સાફ અને સ્વચ્છ થવા સાથે સુગંધીત પણ થાય. પછી સારા પાક સાફ કપડાંમાં કફન આપવામાં આવે. પરંતુ એમાં ફુઝૂલ ખર્ચી પણ ન કરવામાં આવે, ત્યાર પછી જમાઅત સાથે જનાઝાની નમાઝ પઢવામાં આવે, જેમાં મય્યત માટે મગફિરત અને રહમતની દુઆ પાબંદી અને ઈખ્લાસના સાથે કરવામાં આવે. પછી વિદાય કરવા માટે કબ્રસ્તાન સુધી સાથે જવામાં આવે. અને માન સનમાન સાથે કબરને સોંપી ખરેખર અલ્લાહની રહમતને સુપ્રત કરવામાં આવે, આ વિષે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના કથનો અને આપના સુચનો નીચે વાંચો :

(٣٢٥) عَـنْ اُمِّ عَـطِيَّةَ رضـ قَالَتْ دَخَلَ عَلَيْنَا رَسُوْلُ اللّٰهِ ﷺ وَنَحْنُ نَغْسِلُ اِبْنَتَهٗ فَـقَالَ اغْسِلْنَهَا ثَلَاثًا اَوْ خَمْسًا اَوْ اَكْثَرَ مِنْ ذَالِكَ اِنْ رَاَيْتُنَّ ذَالِكَ بِمَاءٍ وَسِدْرٍ وَاجْعَلْنَ فِى الآخِرَةِ كَافُوراً اَوْ شَيْئًا مِنْ كَافُوْرٍ فَاِذَا فَرَغْتُنَّ فَأذِنَّنِىْ فَلَمَّا فَرَغْنَا

آذَنَّـاهُ فَـاَلْقٰى اِلَيْنَا حَقْوَهٗ فَقَالَ اِشْعَرْنَهَا اِيَّاهُ وَفِى رِوَايَةٍ اِغْسِلْنَهَا وِتْراً ثَلَاثاً اَوْ خَمْساً اَوْ سَبْعاً وَابْدَأنَ بِمَيَامِنِهَا وَمَوَاضِعِ الْوُضُوْءِ مِنْهَا۔ (البخارى ومسلم)

તરજુમોઃ– હઝરત ઉમ્મે અતિય્યા અન્સારિય્યા (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની એક મૃત્યુ પામેલી પુત્રીને અમે ગુસલ આપતા હતા, તે સમયે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) ઘરમાં પધાર્યા, અને અમને ફરમાવ્યુંઃ તમે એને બોરડીના પાદડાં નાંખી ઉકાળેલા પાણીથી ત્રણવાર, પાંચવાર, અને યોગ્ય લાગે તો તેનાથી વધુ વખત ગુસલ આપજો, અને છેલ્લા વખતે કપુર પણ નાંખશો, જયારે તમે નવડાવી લ્યો તો મને પણ જાણ કરજો, (ઉમ્મે અતિય્યા કહે છે કે) અમે ગુસલ આપવાથી પરવારી આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ને ખબર આપી તો આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ આપની લુંગી અમારા તરફ ફેંકી ફરમાવ્યું કે સૌ પ્રથમ આ એને પહેરાવી દો.

અને આ હદીષની બીજી રિવાયત છે કે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) એ ફરમાવ્યું તમે એને એકી સંખ્યામાં ત્રણવાર, પાંચવાર, અથવા સાતવાર, ગુસલ આપજો અને જમણી બાજુના અવયવોથી તેમ વુઝૂના ભાગોથી શરૂ કરજો. (બુખારી, મુસ્લિમ)

ખુલાસો :– આ હદીષની સહી મુસ્લિમની એક રિવાયતથી જાણવા મળે છે કે જે પુત્રીને ગુસલ આપવાનો ઉલ્લેખ આ હદીષમાં કરવામાં આવ્યો છે, તે આપની સૌથી મોટી પુત્રી હઝરત ઝૈનબ (રદિ.) હતા, જે અબૂલ્આસ બિન અલરબીઅના નિકાહમાં હતા, તેમનું અવસાન સને હિજરી આઠના શરૂમાં થયું હતું, અને ઉમ્મે અતિય્યા અન્સારીયા (રદિ.) જે આ હદીષને રિવાયત કરે છે અને જેઓ ગુસલ આપવાના વખતે હાજર હતા, ખાસ સહાબી સ્ત્રીઓમાંથી છે. આવી સેવાઓમાં તેણી સૌથી આગળ રહેતા હતા ખાસ કરી મૃત્યુ પામનાર સ્ત્રીઓને ગુસલ દેવામાં તે પાવરધા હતા. ઈબ્ને સીરીન તાબેઈ (રહ.) જેવા મહાન ઈમામનું બયાન છે કે મેં મય્યતને ગુસલ આપવાની રીત તેમનાથી શિખી.

આ હદીષમાં બોરડીના પાંદડા સાથે ઉકાળેલા પાણીથી ગુસલ આપવાનો ઉલ્લેખ છે. એવું પાણી શરીર પરથી મેલ સારી રીતે સાફ કરે છે. આપણા યુગમાં જે હેતુસર જાત જાતના સાબુ વપરાય છે તે સમયે બોરડીના પાંદડા નાંખી ઉકાળેલુ પાણી વાપરતા હતા. હેતુ માત્ર એ જ છે કે મય્યતના શરીર પરથી દરેક જાતનો મેલ સાફ કરવાનો પ્રબંધ કરવામાં આવે. એટલા માટે હુકમ ફરમાવ્યો કે

ઓછામાં ઓછું ત્રણવાર ગુસલ આપવામાં આવે, અને વધુ યોગ્ય લાગે તો એકી સંખ્યા અલ્લાહને પસંદ છે તેનો ખ્યાલ કરી ત્રણવાર અથવા પાંચવાર અને જો જરૂરત જણાય તો તેનાથી વધુ સાતવાર નવડાવવામાં આવે, અને છેલ્લીવાર કપુર પણ પાણીમાં મેળવી લેવામાં આવે, જે ઘણી જ સુગંધીત અને વધુવાર સુધી રહેનારી સુગંધ છે. આ બધુ મય્યતની ઈઝઝત અને ઈકરામ માટે છે.

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) એ તે મોકા પર સાહબઝાદી માટે જે મહત્વતા પૂર્વક પોતાની લુંગી મુબારક અર્પણ કરી, (અને અમૂક રિવાયતોમાં ખુલાસો છે કે જયારે આપને ગુસલ આપી દેવાનું કામ પુરૂ થવાની ખબર આપવામાં આવી તે સમયે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ પોતાના શરીર મુબારક પરથી કાઢી તે લુંગી આપી) અને તાકીદ કરી કે એને શિઆર (એટલે સૌથી અંદરનો પોષાક) બનાવી દો, જેનાથી આલિમોએ સમઝયું છે કે અલ્લાહના નેક અને મકબૂલ બંદાઓનો પોષાક વિગેરે બરકત માટે આ રીતે વાપરવો જાઈઝ છે. અને તેનાથી ફાયદાની આશા છે. હા એવી ચીઝોમાં અતિશયોકિત કરી તેના ભરોષા પર અમલથી બે પરવા થઈ જવું ખરેખર ગુમરાહી (રસ્તેથી ભટકી જવું) છે.

આ રિવાયતથી એ ખબર નથી પડતી કે તે સાહબઝાદીને કેટલા કપડાંમાં કફન આપવામાં આવ્યું, પરંતુ હાફિઝ ઈબ્ને હજર (રહ.)એ ફત્હુલ્બારીમાં "જૌઝકી"ના કહેવા મુજબ હઝરત ઉમ્મે અતિય્યા (રદિ.)ની આ હદીષ વિષે એ પણ વધારો લખ્યો છે કે તેણીએ ફરમાવ્યું :

"فَكَفَنَّاهَا فِى خَمْسَةِ اَثْوَابٍ وَخَمَرْنَاهَا كَمَا يُخَمَرُالْحَیُّ "

અર્થાત :– અમે તે સાહબઝાદીને પાંચ કપડાથી કફન આપ્યું, અને ઓઢણી પણ ઓઢાવી, જેમકે જીવતાઓને ઓઢાવવામાં આવે છે. એ જ કારણે સ્ત્રીઓના કફનમાં પાંચ કપડાં સુન્નત રાખવામાં આવ્યા છે.

## કફનમાં શું શું અને કેવા કપડાં હોવા જોઈએ ?

(٣٢٦) عَنْ عَائِشَةَ رضی اللہ عنہا اَنَّ رَسُوْلَ اللّٰهِ ﷺ كُفِّنَ فِى ثَلٰثَةِ اَثْوَابٍ يَمَانِيَّةٍ بَيْضٍ سَحُوْلِيَةٍ لَيْسَ فِيْهَا قَمِيْصٌ وَلَا عَمَامَةٌ۔ (رواه البخارى ومسلم)

તરજુમોઃ– હઝરત આયશા (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના (વિસાલ પછી) ત્રણ સફેદ યમની કપડાંઓમાં કફન દેવામાં આવ્યું, જે સહુલી હતા. તે ત્રણ કપડામાં ન કુરતો હતો ન પાઘડી હતી. (બુખારી, મુસ્લિમ)

ખુલાસો :– વધુ પડતા હદીષ વેત્તાઓએ 'સહૂલી'ના ખુલાસામાં કહ્યું છે કે યમનમાં સહૂલ એક વસ્તી હતી, જયાંના કપડાં પ્રખ્યાત હતા, અમુક લોકોએ તેનો બીજો અર્થ પણ કર્યો છે, પરંતુ આ મત જ વધારે યોગ્ય છે.

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) અવસાન પહેલાં પણ યમની ચાદરો વાપરતા હતા. અવસાન પછી આપના કફનમાં પણ તે જ વાપરવામાં આવી. અને આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ને ત્રણ કપડાંમાં કફન આપવામાં આવ્યું, જેમાં કુરતો અને પાઘડી ન હતા. અને પુરૂષો માટે કફનમાં ત્રણ કપડાં સુન્નત છે.

(۳۲۷) عَنْ جَابِرٍؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِذَا كَفَنَ اَحَدُكُمْ اَخَاهُ فَلْيُحْسِنْ كَفَنَهٗ۔ (رواه مسلم)

તરજુમોઃ– હઝરત જાબિર (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યુંઃ જયારે તમારામાંથી કોઈ તેના મૃત્યુ પામનાર ભાઈને કફન આપે, ત્યારે સારૂ કફન આપે.

ખુલાસો :– આ હદીષનો ખરો ભાવાર્થ પણ મય્યતની ઈઝઝત અને ઈકરામ છે. મતલબ એ છે કે કોઈ માણસ શકિતશાળી હોવા છતાં તેની મય્યતને એવા ખ્યાલથી કે હવે તેને કબરમાં દફન થઈ માટીમાં મળી જવાનું છે. ફાટેલા તુટેલા અને નકામાં કપડામાં કફન ન આપવામાં આવે, બલ્કે સારૂ અને યોગ્ય કફન આપે, આ મય્યતની ઈઝઝતનો હક અને તકાઝો છે.

(۳۲۸) عَنْ اِبْنِ عَبَّاسٍؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِلْبَسُوْا مِنْ ثِيَابِكُمُ الْبَيَاضَ فَاِنَّهَا مِنْ خَيْرِ ثِيَابِكُمْ وَ كَفِّنُوْا فِيْهَا مَوْتَاكُمْ۔(ابوداؤد والترمذی وابن ماجة)

તરજુમો :હઝ. અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહી વસલ્લમે ફરમાવ્યુંઃ તમો લોકો સફેદ કપડાં પહેર્યા કરો, એ તમારા માટે સારા કપડાં છે. અને તેમાં જ તમારા મય્યતોને કફન આપ્યા કરો.

(۳۲۹) عَنْ عَلِيٍّؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ لَاتُغَالُوْا فِى الْكَفَنِ فَاِنَّهٗ يُسْلَبُ سَرِيْعاً۔ (رواه ابوداؤد)

તરજુમોઃ– હઝરત અલી મુર્તુઝા (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યુંઃ વધુ કિમતી કફન ન વાપરો, કેમકે તે જલ્દી ખતમ થવાનું છે. (અબૂ દાઉદ શરીફ)

ખુલાસો :– મતલબ એ છે કે જેમ એ વાત યોગ્ય નથી કે શકિત શાળી હોવા

છતાં મય્યતને નકામા કપડાંઓમાં કફન આપવામાં આવે. એ જ પ્રમાણે એ પણ જાઈઝ નથી કે વધુ કિમતી કપડુ કફનમાં વાપરવામાં આવે.

યાદ રહે કે પુરૂષોને ત્રણ અને સ્ત્રીઓને પાંચ કપડામાં કફન આપવામાં આવે, અને મધ્યમ વર્ગના સફેદ સારા કપડામાં કફન આપવાના ઉપરોકત હુકમનો સંબંધ એની સાથે છે જયારે મય્યતના ઘરવાળાઓ સહુલતથી તેની વ્યવસ્થા કરી શકતા હોય, અને તેની શકિત ધરાવતા હોય, નહીં તો લાચારીમાં માત્ર એક જુના કપડામાં પણ કફન આપી શકાય છે. અને તેમાં કોઈ શરમ ન હોવી જોઈએ. ઉહદની લડાઈમાં હુઝૂર સલ્લલ્લાહુ અલયહી વસલ્લમના સગા કાકા હઝરત સૈયદના હમઝહ રદિ. અને હઝરત મુસ્અબ બિન ઉમૈર (રદિ.)ને માત્ર એક જુની અને એટલી ટુંકી ચાદરમાં કફન આપવામાં આવ્યું હતુ કે જયારે તેનાથી આપનું માથું ઢાંકવામાં આવતું તો પગ ખુલી જતા હતા. અને જયારે પગ ઢાંકવામાં આવતા હતા તો માથુ ખુલી જતુ હતું, તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહી વસલ્લમના હુકમથી ચાદરથી માથું ઢાંકવામાં આવ્યું, અને પગોને ઈઝખિર ઘાસથી ઢાંકવામાં આવ્યા, અને એ જ કફન સાથે દફન કરવામાં આવ્યા.

જામિઅહના શુભેચ્છક, હમદર્દ, ઉલમા – તલબાના અકીદતમંદ અને ખાદિમ એવા, જંબુસરના નેકદિલ વેપારી ***જનાબ સઈદ ભાઈ ડભોઈવાળા*** ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહ.. મરહૂમ પ્રથમ દિવસથી જ જામિઅહ પ્રત્યે ભારે મુહબ્બત રાખતા હતા. અને પ્રથમ દિવસથી જ એમણે આ એક નેકી પોતાના ખાતે નોંધી લીધી હતી કે જામિઅહથી હાફેજ થનાર અને ફારિગ થનાર દરેક તાલિબે ઈલ્મને તેઓ એક જોડ કપડાં હદિયો આપવાં અને વરસના અંતે એમની દાવત કરવી. હાફેઝ અને ફારિગ તલબાની બે આંકડામાંથી ૩ આંકડામાં થઈ ગઈ પણ એમણે આ નેકી છેવટ સુધી ચાલુ રાખી. ઉપરાંત વખતો વખતની મદદ અલગ. ઉલમા અને મદરસા પ્રત્યે એમની અકીદતની આ એક અદના મિસાલ છે. અન્ય સેવાઓ અને નેકીઓ ઘણી વધારે છે, અને કેટલી તો કોઈને ખબર પણ ન હશે. અલ્લાહ તઆલા એમની મગફિરત ફરમાવે. જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા કરે. એમની સખાવતોને સદકએ જારિયહ બનાવે. જામિઅહ પરિવાર એમના સગાંઓ અને ડભોઈયા ફેમીલીના ગમમાં શરીક છે એમની મગફિરતની દુઆ કરે છે. અલ્લાહ તઆલા એમના વારસદારો માટે એમની બરકતો જારી રાખે, એમના પગલે ચાલવાની તોફીક આપે અને દીન અને દીનદારોની ખિદમતની બરકતથી એમની તિજારતોમાં પણ બરકત આપે.

જામિઅહ ડાભેલના ઉસ્તાદે હદીસ

# હઝ. મવલાના રશીદ અહમદ સીલુડી રહ.

છેલ્લા નવ મહીનાથી ભારતમાં કોરોના મહામારીના પ્રભાવે જે હઝારો લોકો મૃત્યુ પામ્યાં એમાં ઘણા બધા ઉલમા, બુઝુર્ગો અને વિદ્વાનો પણ આપણાથી જુદા થઈને અલ્લાહની રહમતે પહોંચી ગયા. આ જ કડીમાં ગત ૧, નવેમ્બરના રોજ જામિઅહ ડાભેલના વિદ્વાન ઉસ્તાદે હદીસ, નેકદિલ આલિમ, હઝરત મવલાના રશીદ અહમદ સીલુડી સાહેબ અલ્લાહની રહમતે પહોંચી ગયા. ઈન્નાલિલ્લાહ...

હઝરત મવલાના રશીદ અહમદ સાહેબ અંકલેશ્વર તાલુકાના એક નાનકડા ગામ સીલુડીના રહેવાસી હતા. આપના વાલિદ હઝરત મવલાના મૂસા સાહેબ પાંચભાયા દારૂલ ઉલૂમ દેવબંદના ફાઝિલ, મોટા મુત્તકી અને શરીઅતના પાબંદ આલિમ હતા. પોતાના પુત્રો બાબતે પણ ફિકર રાખીને એમને આલિમ બનાવ્યા. મવલાના રશીદ અહમદ સાહેબ પહેલાં દારૂલ ઉલૂમ માટલી વાલાથી ફારિગ થયા અને અને પછી દેવબંદ જઈને પણ તાલીમ પૂરી ફરમાવી. તાલીમ પૂરી કર્યા પછી આપ રહ. દારૂલ ઉલૂમ માટલીવાલામાં દીની તાલીમના ઉસ્તાદ તરીકે નિયુકત થયા. અત્રે અમુક વરસો તાલીમ આપી, પછી લગભગ ૧૯૯૯ માં જામિઅહ ઈસ્લામિયહ તઅલીમુદ્દીન ડાભેલમાં નિયુકતી થઈ, આમ લગભગ ૨૦ વરસથી વધારે સમય આપ રહ.એ જામિઅહ ડાભેલમાં સેવાઓ આપી.

આ સમયગાળા દરમિયાન મદરસાઓમાં પઢાવવામાં આવતી નાની મોટી ઘણી બધી કિતાબો એમણે પઢાવી. છેલ્લા દિવસોમાં ડાભેલ ખાતે હદીસ શરીફ અને તફસીરની મોટી કિતાબો જેમ કે જલાલૈન શરીફ, તહાવી શરીફ, અબૂદાવૂદ શરીફ વગેરે કિતાબો આપ રહ.એ પઢાવી હતી.

વિનમ્ર સ્વભાવ ધરાવતા હતા. શાંત, એકચિત્ત રહીને તઅલીમ – તરબિયતની ફરજ અદા કરવી આપની વિશેષતા હતા. ઊંડી અને ઠોસ ઈલ્મી કાબેલિયત ધરાવતા હતા, ઉપરાંત ગમે તેવી અઘરી વાત અને મુશ્કેલ મસ્અલાને સરળતાથી સમજાવી દેવાની ખુદાદાદ આવડત ધરાવતા હતા એટલે વિદ્યાર્થીઓમાં આપ રહ. ઘણા મકબૂલ હતા.

તઅલીમ સાથે લેખનનો શોખ પણ ધરાવતા હતા. અરબી અને ઉર્દૂ ભાષા ઉપર પ્રભુત્વ ધરાવતા હતા. વિવિધ દીની – અરબી વિષયો અને કિતાબો મહેનત સાથે પઢાવ્યા પછી આપ રહ.એ લેખનકાર્ય શરૂ કર્યું હતું, એટલે એમાં પણ એમની કાબેલિયત અને અનુભવની ઊંડી છાપ નજર આવતી હતી. ૬૦ વરસની ઉમરે પહોંચ્યા હતા અને હવે જ એમની કાબેલિયત અને અનુભવના સંગમ થકી આશા હતી કે દીની – ઈલ્મી વિષયો ઉપર તેઓ લખશે, સારું અને સરળ લખશે, તલબાને ફાયદો થાય એવી કિતાબો એમના હાથે લખાશે, પણ તકદીરમાં એમની ઉમર વધારે ન હતી, અને ખુદાની રહમતમાં ચાલ્યા ગયા. મદરસાઓમાં અરબી ભાષા માટે પઢાવવામાં આવતી મહત્વની કિતાબ 'નફહતુલ અરબ' અને 'દુરૂસુલ બલાગહ'ના નવસંપાદનથી અંદાઝો કરી શકાય છે કે તલબા માટે તેઓ કેવી ખિદમત કરવાનો ઈરાદો રાખતા હતા.

કુરઆન શરીફનો તરજમહ અને તફસીર આપની પસંદનો વિષય હતો. અને તલબામાં તરજમએ કુરઆનનો સબક ઘણો જ મકબૂલ હતો. આ વિષયે બહોળું જ્ઞાન ધરાવતા હતા. એટલે જયારે તફસીરની મશ્હૂર કિતાબ જલાલૈન શરીફ આપને પઢાવવાનો મોકો મળ્યો તો એટલી મહેનતથી પઢાવી કે સમગ્ર કિતાબ અને એના વિવરણ માટે લખવામાં આવેલ તફસીરની અન્ય કિતાબો પણ આપ રહ.એ બારીક નજરે જોઈ લીધી, અને પછી આપ રહ.એ અનુભવ્યું કે વરસો જુની પદ્ધતિથી લખાયેલ હોવાથી અને અન્ય કારણોથી વર્તમાન કિતાબમાં અનેક ભૂલો આવી ગઈ છે, આપ રહ.એ ઘણી મહેનતથી આવી ભૂલોને અલગ તારવીને સમગ્ર કિતાબની સુધારણા ફરમાવી. વફાતના અમુક દિવસો પહેલાં જ આપ રહ.એ સંપાદન કરેલ તહાવી શરીફનો હાશિયહ છપાયને આવ્યો હતો, અકીદાના વિષયે મહત્વની અને અઘરી ગણાતી કિતાબ શર્હે અકાઈદની શરહ પણ લગભગ લખી ચુકયા હતા, પણ મુસદ્દો સાફ કરતાં પહેલાં મોતનું કહેણ આવી પહોંચ્યું અને આપ ચાલી નીકળ્યા.

ખુશ્બૂમાં ખીલેલા ફૂલ હતાં, ઊર્મિમાં ડૂબેલા જામ હતાં,
ઓ મોત જરા રોકાઈ જતે – બેચાર મને પણ કામ હતાં

વાંચન, લેખન અને શિક્ષણમાં નિપૂર્ણ હોવા ઉપરાંત એક કાબેલ મુરબ્બી અને કેળવણીકારને છાજે એવા સઘળા ગુણો આપ રહ. ધરાવતા હતા. વિનમ્ર સ્વભાવ હતો. મહેમાન નવાઝ હતા. તલબા પ્રત્યે આપ રહ. ભારે મુહબ્બત અને લાગણી ધરાવતા હતા. બલકે તલબાની તરબિયતના હેતુએ જ આપ

રહ.ને પોતાનો સ્વભાવ અને રહેણી – કરણી એવી અપનાવી રાખી હતી કે તલબા સહજતાથી આપ રહ. પાસે આવી શકે, વાત કરી શકે, પૂછવાની વાતો પૂછી શકે, અને સમજી શકે. એમની આ વિશેષતના કારણે વધુ પડતા હોશિયાર તલબા આપ રહ. પાસે આવતા જતા રહેતા હતા, અને ફાયદો ઉઠાવતા હતા. આ ઈલ્મી મજલિસમાં પણ આપ રહ. એક ઉસ્તાદ તરીકે મુકવાના બદલે એક મહેમાન નવાઝ દોસ્તના સ્થાને સમજીને સમયાનુસાર ચા – નાશ્તો કે સ્વાદિષ્ટ ખાવાનું ખવડાવવાનો આગ્રહ પણ રાખતા હતા. એમની હસ્તી થકી જે લાભો તલબાને મળી રહયા હતા તે ઈલ્મી – રૂહાની વધારે હતા, છતાં આ મહેમાન નવાઝીનો ગુણ પણ એવો હતો કે એને માધ્યમ બનાવીને પણ ઘણા તલબાને તઅલીમમાં આગળ વધારી શકયા હતા.

મૃત્યુ અટલ છે, એનાથી કોઈ બચી શકતું નથી, નિયત સમયે દરેક પાસે આવી જ જાય છે, વગેરે એવી વાતો છે, જે આપણે વારંવાર બોલીએ છીએ અને ગમે તેવા નિકટના સંબંધીના અવસાન વેળા આવા શબ્દો આપણે વિચારીએ છીએ કાં લોકો એના થકી આપણને તસલ્લી આપતા હોય છે. પણ..અમુક માણસોનું મૃત્યુ એવું હોય છે એમાં માણસ મરનાર કરતાં પોતાના ખાલીપા અને નુકસાનને કારણે હાથ ઘસતો રહી જાય છે અને ત્યારે મરહૂમ કરતાં પોતાના વિશે બોલવું પડે છે કે આખરે મારી તકદીરમાં આ જ લખાયેલું હશે એટલે હવે મારે આ જુદાઈ અને એકલતાનું દુખ વેઠવું જ પડશે. માતા – પિતા, શિક્ષક, કેળવણીકાર કે ઉપકારકના મૃત્યુ વેળા આ જ એહસાસ વધારે હોય છે. આપ રહ.ની વફાત પછી આપના શાગિર્દો દ્વારા આપની સેવાઓ અને ખૂબીઓ વિશે જે કંઈ લખાયું એમાં પણ આ એહસાસ શામેલ છે.

*દિલમાં કોઈની યાદના પગલાં રહી ગયાં – ઝાકળ ઉડી ગયું અને ડાઘા રહી ગયા*
*કહેવાનું હતું ઘણું છતાં કહી શકયા નહીં – આ દિલ દુખી થયું ને અમે જોતા રહી ગયા*

અલ્લાહ તઆલા હઝરત મવલાના રહ.ની મગફિરત ફરમાવે. જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા ફરમાવે. એમની દીની ખિદમાતને કુબૂલ ફરમાવીને સદકએ જારિયહ બનાવે. સગાઓને સબ્ર – અજ્ર આપે. એમની વફાત પછી પણ એમની બરકતોને જારી રાખે. તલબા અને ઉલમા સમુદાયને એમની ખૂબીઓના વારસદાર બનાવે અને એમના જેવા અનેક ઉલમા ઉમ્મતને નસીબ ફરમાવે. આમીન. ● ● ● ● ●

<u>મરહૂમ અહમદભાઈ પટેલ રહ.</u>

# બાદ મરને કે જૌહર આપકે જૌહર ખુલે

● મવ. બશીર ભડકોદ્રવી સાહેબ. જામિઅહ જંબુસર.

૨૦૨૦ નું વરસ સમગ્ર માનવજગત માટે ઘણું જ દુઃખદ સાબિત થયું. કોરોના નામની મહામારીએ વિશ્વ આખાને પ્રભાવિત કર્યુ, આવી વ્યાપક બિમારીનો ઈતિહાસમાં કયાંય ઉલ્લેખ જોવા મળતો નથી. કુદરતી આપત્તિ છે કે માનવ સર્જિત આબદા છે. તેના વિશે પણ કોઈ ખુલીને બોલવા તૈયાર નથી. ઉકત મહામારીએ અસંખ્ય માનવજીવોનો ભોગ લીધો. ઘણા આલિમોથી ઉમ્મત મહરૂમ થઈ. બુદ્ધિજીવીઓ અને રાજકિય નેતાઓ પણ આ ખતરનાક રોગથી ન બચી શકયા.

ગુજરાતના પનોતા પુત્ર અને લોક લાડિલા નેતા અહમદભાઈ પટેલને પણ કોરોનાએ ન છોડયા. સતત એક માસ સુધી દિલ્લીની મેદાંતા હોસ્પીટલમાં ઈલાજ હેઠળ રહયા. અંતે તકદીરનું લખાણ ગાલિબ આવ્યું અને ૨૫ – ૧૧ – ૨૦૨૦ ની વહેલી સવારે ૩ : ૩૦ વાગે અલ્લાહને પ્યારા થઈ ગયા. ઈન્નાલિલ્લાહિ વ ઈન્ના ઈલયહિ રાજિઊન.

આખિર મૌત સે કિસ કો રૂસ્તગારી હે
આજ ઉનકી તો કલ હમારી બારી હે

મૌત એક એવી નક્કર વાસ્તવિકતા છે કે, એનાથી કોઈ ઈન્કાર કરી શકે એમ નથી. મૌતથી કોઈ બચ્યું નથી અને કોઈ બચવાનું પણ નથી. દુન્યામાં અસંખ્ય ધર્મો છે. વિભિન્ન મતો અને અલગ અલગ માન્યતાઓ છે. પરંતુ મૌત વિશે કોઈને મતભેદ નથી. અલ્લાહ અને આખેરતને ન માનનારા નાસ્તિકો પણ મૌતના સત્ય સામે સર જુકાવે છે. અલબત્ત ઈમાનવાળાઓ મૌતને એક આલમથી બીજા આલમ તરફ જવાનો દરવાજો માને છે. દોસ્તથી દોસ્તને મળવાનો પુલ સમજે છે, ડો. ઈકબાલે કહયું છે :

મૌત તજદીદે મઝાકે જિંદગી કા નામ હે
ખ્વાબ કે પરદેમેં બેદારીકા એક પૈગામ હે

આ ફાની જગતમાં અગણિત લોકો આવ્યા અને પોતાનું જીવન પુરૂં કરી આખેરત તરફ કૂચ કરી ગયા. પરંતુ અમુક લોકો એવું જીવન જીવી ગયા કે મરણ પછી પણ તેઓ લોકહૈયે જીવંત રહયા, મર્હૂમ અહમદભાઈ પટેલ પણ કંઈક એવું જ અનોખુ અને લોકોપયોગી જીવન જીવી ગયા કે દુન્યા એમને યાદ રાખશે. નવયુવાનીથી જ દેશ સેવામાં ઝંપલાવ્યું હતું. ૨૬ વરસની વયે ૧૯૭૭ માં પ્રથમ વાર લોકોસભાની ચૂંટણી લડયા હતા. જેમાં ભારે બહૂમતિથી વિજયી થયા હતા. સતત ત્રણ વાર લોકસભામાં ચૂંટાયા હતા. અને પાંચ વાર રાજયસભામાં ચૂંટાઈને સંસદમાં પહોંચ્યા હતા. જીવનનું આયખુ રાષ્ટ્રસેવામાં ખર્ચી નાંખ્યું. કોંગ્રેસ પક્ષની લીલી – સૂકીમાં હમેશાં, કોંગ્રેસ પક્ષને વળગી રહયા. કોંગ્રેસમાં દિલ દઈને કામ કરતા રહયા. બલકે કોંગ્રેસના કપળા સમયે સંકટ મોચક બની રહયા. સૌમ્ય અને શરમાળ સ્વભાવના અહમદભાઈ સતત ૪૫ વરસ સુધી કેન્દ્રિય રાજકારણમાં રહયા, કોંગ્રેસની આગલી હરોળમાં હોવા છતાં પણ કોઈ દિવસ મંત્રીપદ કે અન્ય કોઈ હોદ્દાની લાલચ ન રાખી અને તલબ પણ ન કરી. નરસિંહરાવ સરકારમાં મંત્રીપદની ઓફર પણ થઈ હતી પરંતુ તેને વિનમ્રતાપૂર્વક ઠુકરાવી.

"રાજકારણ સેવા માટે છે સત્તા માટે નહીં" એ જ આપનું જીવનમંત્ર રહયું અને જીવનમાં ઉતારી પણ બતાવ્યું, મોટા નેતાઓથી લઈ અદના વ્યકિત સુધીની વાત સાંભળી તેનું નિરાકરણ લાવવા માટે હમેશાં તત્પર રહેતા હતા. કોઈ પણ નાત, જાત કે ધર્મનો ભેદભાવ રાખ્યા વિના તમામને મદદ કરી જાણતા હતા, ભરૂચ જીલ્લાની જી.આઈ.ડી.સી.માં જે ઉદ્યોગો ધમધમી રહયા છે. તેમાં અહમદભાઈનું મોટુ યોગદાન છે. મિલ્લી પ્રશ્નોના ઉકેલમાં પણ ખામોશીથી સારો એવો પ્રયાસ કરતા હતા. કદી આ બધા સેવા કાર્યોનો યશ લેવાની ખેવના નથી રાખી. પોતાને લીડર નહીં પણ કાર્યકર્તા માનતા, નિશ્વાર્થ ભાવે સેવા કરતા રહયા. દેખાડાથી હમેશાં દૂર રહયા. બલકે સેવાકાર્યોમાં એ હદે ગુપ્તતા રાખતા કે કેટલાને તો શિકાયત પેદા થઈ જતી, પરંતુ અવસાન પછી રાજનેતાઓ તેમજ અન્ય

લોકોએ ઓડિયો અને વિડિયો વગેરે મારફત આપની સેવાઓનો જે ઉલ્લેખ કર્યો તેનાથી જગજાહેર થયું કે અહમદભાઈ ખામોશ, નિસ્વાર્થ અને સેવાભાવી વ્યકિત હતા. મૌલાના જોહર માટે કોઈ શાયરે કહયું હતું, અહમદભાઈ માટે પણ તે એટલું જ જચે છે.

જીતે જી તો કુછ ન દિખલાયા મગર
બાદ મરને કે જૌહર આપકે જૌહર ખુલે

વડાપ્રધાને કહયું કે અહમદભાઈ તેમની વિચક્ષણ બુદ્ધિ (તેજતર્રાર) માટે જાણીતા હતા, કોંગ્રેસ પાર્ટીને મજબૂત બનાવવા માટે તેમણે નિભાવેલી મહત્ત્વપૂર્ણ ભૂમિકા યાદ રહેશે. તેમણે જાહેર જીવનમાં ઘણા વર્ષો વિતાવ્યા અને જનતાની, સમાજની સેવા કરી.

સોનિયા ગાંધીએ કહયું કે મેં એક ખોટ ન પુરાય તેવા સાથી અને વફાદાર – સહયોગી ગુમાવ્યા છે, તેમની ઈમાનદારી, તેમનું સમર્પણ પોતાના કર્તવ્ય પ્રત્યે તેમની પ્રતિબદ્ધતા હમેશાં યાદ રહેશે, તેઓ મદદ કરવા માટે હમેશા તૈયાર રહેતા હતા.

રાહુલ ગાંધીએ કહયું કે અહમદ પટેલજી જાહેર જીવનમાં હિંમતવાન અને નિષ્ઠાવાન હતા, હું તેમની બુદ્ધિમતા, જ્ઞાન અને કોંગ્રેસ પાર્ટી પ્રત્યે કટિબદ્ધતાને હમેશાં યાદ રાખીશ.

કોંગ્રેસના આગેવાનો ઉપરાંત અન્ય રાજકિય પાર્ટીઓના નેતાઓએ પણ અહમદભાઈની નિસ્વાર્થ સેવાઓને બિરદાવી છે. જામિઅહ ઉલૂમુલ કુર્આન જંબુસરના મેનેજીંગ ટ્રસ્ટી મુફતી અહમદ દેવલા સાહેબે અહમદભાઈના અવસાન પર દુઃખ અનુભવી જણાવ્યું કે તેઓ ઈન્સાનિયતના સાચા સેવક હતા, રાષ્ટ્રના વિકાસ માટે છેલ્લી ઘડી સુધી કાર્યરત રહયા. અનેક વિઘ્નો અને વિટંબણાઓ વચ્ચે કોંગ્રેસ પક્ષ માટે તેઓ વફાદારીના મહાન સ્તંભ તરીકે અડીખમ ઊભા રહયા, મુફતી સાહેબે તેમના માટે મગફિરતની દુઆ ગુજારી. તેમજ આસપાસના વિસ્તારોના ઈમામ સાહેબોને પણ દુઆએ મગફિરતની અપીલ પણ કરી.

રાજસ્થાનમાં અંજુમને સૈયદઝાદગાંના સેક્રેટરી એક વિડિયો દ્વારા

જાણાવે છે કે ૨૦૦૨માં રેસિડેન્સિયલ સ્કૂલ માટે ૧૪૭ વિંઘા જમીન અહમદભાઈ પટેલે અશોક ગેહલોતને ભલામણ કરીને અપાવી હતી. અને જમીન આપવામાં મોડું કરવામાં આવ્યું તો મારી હાજરીમાં રેવન્યુ મિનિસ્ટરને ધમકાવીને કહયું કે તમો કહો છો કે મુસ્લિમ મત મળતા નથી, તો પછી મુસલમાનોના કામમાં કેમ વિલંબ થાય છે ?

સેક્રેટરી સાહેબ વધુમાં જણાવે છે કે ૨૦૦૨ના 'ગુજરાત કાંડ' વખતે હું, અહમદભાઈ અને ત્રીજો એક માણસ એમના ઘરમાં બેઠા હતા, એહમદભાઈ ઉપર ગુજરાતથી ફોન આવ્યો કે, ગોધરામાં આવો મોટો હાદસો થયો છે, તો એમણે મને કહયું કે મારે તાત્કાલિક એ. આઈ. સી. સી. ની ઓફિસે જવું પડશે, કારણ કે ઘણું મોટું કાંડ થવાની શકયતા છે.

અહમદભાઈ ગાંધી પરિવારના ઘણાં જ નજીક હતા, સોનિયા ગાંધીના ખાસ વિશ્વાસુ અને સલાહકાર હતા, તેમના જવાથી કોંગ્રેસે પોતાનો એક મજબૂત સૈનિક ગુમાવ્યો છે અને ગાંધી પરિવારે તો જાણે પોતાના ઘરનો જ એક સભ્ય ગુમાવ્યો છે. એહમદભાઈ જેવા ઈમાનદાર, નિષ્ઠાવાન અને ખામોશ સેવકનું અવસાન ન પુરાય એવું નુકસાન છે, અલ્લાહ તઆલા રાષ્ટ્રને અને મુસ્લિમ સમાજને નેઅમુલ બદલ નસીબ ફરમાવે અને મર્હુમની સેવાઓને કબૂલ ફરમાવી જન્નતુલ ફિરદૌસ નસીબ ફરમાવે. આમીન.

મુળ ટંકારીઆના વતની અને વરસોથી વડોદરા ખાતે સ્થાયી થયેલા જનાબ યૂનુસ ભાઈ હકીમ સાહેબ પાછલા દિવસોમાં ઈન્તેકાલ ફરમાવી ગયા. મરહૂમ પાકા દીનદાર, દીની – તબ્લીગી કામોમાં મોટી કુરબાની આપનાર હતા. જામિઅહ જંબુસર ઘણી જ અકીદત અને મુહબ્બત ધરાવતા હતા. દરવરસે રમઝાન જામિઅહની ખાનકાહમાં ગુઝારવાનો મામૂલ હતો. અનેક પ્રકારે જામિઅહ અને ખાનકાહની મદદ પણ ફરમાવતા હતા. જામિઅહ ખાતે ખાનકાહ શરૂ થઈ તો એ માટે વાસણ – બિસ્તર, વગેરે અલગથી અસબાબની ખરીદી માટે એમણે ઘણી મહેનત ફરમાવી હતી.અલ્લાહ તઆલા મરહૂમની મગફિરત ફરમાવે અને જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થા અતા ફરમાવે. એમની સેવાઓને સદકએ જારિયહ બનાવે. સગાઓને સબ્ર આપે. અને એમની બરકતોને એમની વફાત પછી પણ જારી રાખે અને એમના પગલે ચાલવાની તોફીક આપે. *આમીન*

<u>સમગ્ર ભારતીયોના રાહબર અને સૌના હિતેચ્છુ</u>

# જનાબ અહમદભાઈ પટેલ રહ.

*– મવ. અબ્દુર્રશીદ નદવી સાહેબ. જામિઅહ જંબુસર.*

અલ્લાહ તઆલાની મહોબ્બત પામવાનું અગત્યનું માધ્યમ અલ્લાહની મખ્લૂક સાથે સદવ્યવહાર છે. સમાજસેવા એ મર્હુમ અહમદભાઈ પટેલનો જીવન મંત્ર કહી શકાય, વ્યકિતગત હોય કે સંસ્થાકિય, સરકારી હોય કે બિન સરકારી, સામાજિક હોય કે આર્થિક, કોઈ પણ જાતનું કામ લઈને આવાનારને સંપુર્ણપણે મદદરૂપ થવું તે અહમદભાઈનો સ્વભાવ હતો. એકાદ બે નહિ પણ અનેકાનેક અને ભરૂચ કે ગુજરાત નહિ પણ આખો દેશ તેમના આ સ્વભાવનો સાક્ષી છે. અહમદભાઈ પોતાની બધી સેવાઓમાં નિસ્વાર્થભાવ અને નિખાલસતા સાચવી રાખવાનો પ્રયાસ કરતા રહેતા. મીડિયા મેનેજ કરી ચલાવાતી સરકારો અને પાંચસો કીટ આપી પાંચસો ફોટા પાડી પડાવી લેનારા શોબાઝોનાં આ યુગમાં આવા માણસો હઝારો નહિ, લાખોમાં એકાદ જડે, તેમના મીડિયાનાં મિત્રો કહે છે કે સાહેબને અમારી મીડિયા સેવાની કોઈ જરૂરત રહેતી જ ન હતી, અમારી ઓફર છતાં તેમણે લાઈફ ટાઈમ અમારો કોઈ જ લાભ લીધો નથી.

મર્હુમ પોતે મિનિસ્ટર કે ચીફ મિનિસ્ટર બનવાના બદલે અન્યોને બનાવવાનું પસંદ કરતા હતા, કોંગ્રેસની સરકારોમાં હોદ્દાઓની અનેક ઓફરોનો અસ્વીકાર કરી સ્વતંત્રપણે પક્ષ અને મુલ્કો મિલ્લતની સેવાની રાહ અપનાવી, હોદ્દો પામવાના એક માત્ર ધ્યેય સાથે રાજકારણમાં પ્રવેશતા વધુ પડતાં લોકો માટે આપનું જીવન અચરજ પમાડે એવું છે. ત્યાગ અને બલીદાનની આવી ભાવાના ઓછી અને કયારેક જ જોવા મળતી હોય છે.

લોકશાહીનું રાજકારણ રાજાશાહીના રાજકારણથી વધુ જટીલ હોય છે. વળી અસંખ્ય સંસ્કૃતિઓ અને સભ્યતાઓ સાથે વિવિધતામાં એકતામાં વિશ્વાસ ધરાવતા ભારત જેવા દેશનું રાજકારણ ખરેખર હિકમત, ફિરાસત, તદબીર, કોઠાસુઝ, દ્રિર્ઘદ્રષ્ટિ, ધૈર્ય, સ્વભાવની નમ્રતા અને સૌને સાથે લઈને ચાલવાની ઊંડી સમજ માંગી લે છે.

મૌલાના આઝાદ (રહ.)ને પહેલી ચુંટણીમાં જયારે પંડિત જવારલાલ

નહેરૂએ કહયું કે આપ રામપુરાથી ચૂંટણી લડો, ત્યારે મૌલાનાએ પુછયું કે તમે મને ત્યાંની સલાહ કેમ આપો છો ? તો નહેરૂજીએ કહયું કે ત્યાં મુસલમાનોની સંખ્યા વધારે છે અને તમો આસાનીથી જીતી જશો, ત્યારે મૌલાનાએ એક ધારદાર પ્રશ્ન કરી પંડિતજીને ચુનોતી આપી કે શું તમે એમ માનો છો કે હું ફકત મુસલમાનોનો રેહબર છું ? હું બધા હિન્દુસ્તાનીઓનો રેહબર છું. આવી જ વાત વધુ પડતા કેસોમાં અહમદ ભાઈ પટેલ ઉપર પણ લાગુ પડે છે. આજે પણ મુસલમાનોમાં સમજુ કહી શકાય એવા લોકોને અહમદભાઈ પ્રતિ આવો અણગમો છે, પણ 'સૌના સાથ'ની ફકત વાતો અને સાચે જ 'સૌને સાથે લઈને ચાલવું' બંનેમાં જમીન આસમાનનું અંતર છે. ભારત દેશમાં એક મુસલમાન માટે રાજકારણમાં સફળ થવાની રાહ તે જ હોય શકે જે રાહ અહમદભાઈએ અપનાવી હતી, સાચું કહયું જનાબ મુહમ્મદ અદીબ સાહેબે કે 'ભારત દેશમાં મુસલમાનોમાં મૌલાના આઝાદ પછી તેવી હરોળના નેતાઓમાં અહમદભાઈ પટેલ રહ.નો સમાવેશ થઈ શકે', તેઓ ખરા અર્થમાં તેમના અનુગામી ગણાય.

દીનદારી ફકત ઈબાદત સુધી મર્યાદિત નથી. દીનના પાંચ મોટા વિભાગો છે અને સમયાનુસાર વિવિધ વિભાગોનું મહત્વ અન્ય વિભાગોથી વધી જાય છે. અહમદભાઈએ યથાશકિત નમાઝ, રોઝા, રમઝાનુલ મુબારકના એહતેરામની સાથે સાથે મદારિસ, મકાતિબ, મસાજિદ, ઉલમાએ કિરામ, તબ્લીગી જમાઅત તથા અન્ય ઈસ્લામી સંસ્થાઓ સાથે જીંદગીભર મહોબ્બત, અકીદત અને મદદનો સંબંધ કેળવી રાખ્યો. આ સાથે તે ક્ષેત્રો જેમાં મુસલમાનોને મદદની વધુ જરૂરત રહે છે અને મદદ કરનારાઓ તદન ઓછા હોય છે, એટલે કે રાજકીય બાબતો, દફતરો, કચેરીઓ સરકારી સંસ્થાઓ તથા ખાતાઓમાં મુલ્કો મિલ્લતની બેહતરીન સેવાઓ પ્રદાન કરી છે. એટલું જ નહિ, આપના પરદા પાછળના મજબૂત વ્યકિતત્વ તથા લાંબી પકડના લઈ આપ જટીલ તથા અટપટા કામો પણ સિદ્ધાંત તથા નીતી નિયમોના દાયરામાં કરી શકતા હતા. આ રીતે જોઈએ તો આવી મદદમાં તેઓ જ અગ્રેસર રહયા, જો એક ઘડીનો ઈન્સાફ ચાલીસ વરસની ઈબાદતથી અફજલ હોય અને એક હાજતમંદની મદદ જન્નત અપાવી શકતી હોય, તો આવા કેસો તો એમના જીવનનો રોજરોજનો ક્રમ હતો.

જામિઅહ ઉલૂમુલ કુર્આન – જંબુસરને ભરૂચ જિલ્લાની મહત્વની દીની

સંસ્થા માની આપ વારંવાર પધારતા અને તેના ફાઉન્ડર હઝરત મવલાના મુફતી અહમદ દેવલા સાહબ સાથે અગત્યની બાબતે અચૂક મીટીંગ કરતા હતા. જામિઅહ સાથેના એમના પ્રેમ, મહોબ્બત અને તેના વિકાસનો ઊંડો રસ હંમેશા યાદ રહેશે.

આપની અંતિમ ઈચ્છા પણ નોખી હતી. પોતાના માદરે વતનના કબ્રસ્તાનમાં માં – બાપ સાથ દફન થવાની, માં–બાપ અને માદરે વતન સાથેની આવી વફાદારીએ જ આપને દેશ અને દેશવાસીઓ પ્રતિ વફાદારીના પાઠો ભણાવ્યા, જેને એમણે અંતિમ શ્વાસ સુધી આપે જાળવી રાખ્યા.

ટૂંકમાં અવરોધભર્યા, કાંટાળા રસ્તે ચાલી, રાજકીય શાખ, ધાર્મિકતા, સમાજસેવા, વતનપ્રેમ અને ઉચ્ચ સંસ્કારોને જાળવી રાખવા ખરેખર એક મર્દે મોમિનની શાન કહેવાય, આંધીમાં દીપ પ્રગટાવવો અથવા સામે વા એ સફર ખેડવો એ અહમદ પટેલ જેવાનું કામ.

અલ્લાહ એમની રૂહને શાંતિ આપે, અને કોતાહીઓને દરગુઝર ફરમાવી જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન આપે. આમીન

---

*= અનુસંધાન પેજ ૨૭ થી આગળ ..*

તેઓ ઈસ્લામના પાયાના સિદ્ધાંતોનું ગમે તેવી વ્યસ્તતામાં પણ આચરણ કરવાનું ચુકતા ન હતા. પાંચેય વખતના પરેઝગાર નમાંઝી અને કુરાનનું પઠન નિયમિત રીતે કરતા હતા. અને સૌથી મોટો ગુણ તેઓમાં માનવમાત્ર પ્રત્યે હમદર્દી રાખવી તે હતો. કોઈપણ વ્યકિ તેઓ સાથે ઊંચા અવાજે વાત કરે છતાં તેઓ વિનમ્રતાપૂર્વક વાત કરતા હતા. ભારતીય રાજકારણમાં અને કોંગ્રેસ પક્ષમાં કદી ન પૂરાય એવી ખોટ ઊભી થઈ છે. અત્યંત ભગ્ન હૃદયે દુઆ કરું છું કે અલ્લાહપાક મરહુમની કરવટ કરવટ મગફિરત ફરમાવે તેમના પરિવારને ધીરજ ધરવાની (શબરે જમીલ) શકિ આપે. આમીન ..

ખરેખર મરહુમ અહમદભાઈનું નિસ્વાર્થ સેવાઓથી મહેકતું જીવન–ખુશબુદાર જીવન આપણને પેગામ અને સંદેશો આપે છે કે ....

મિશાલે શમ્મા સમજ તું ભી અપના ફરઝે હયાત
પિઘલ કે ખુદ શબે તિરહ કો ઝગમગાના શીખ

લી. મુફતી અહમદ યાકુબ દેવલવી.
મેનેજિંગ ટ્રસ્ટી,જામિઅહ ઉલૂમુલ કુરાન ટ્રસ્ટ,જંબુસર.

## જનાબ અહમદભાઈ રહ.ના અવસાન બાબતે જામિઅહના સ્થાપક અને મોહતમિમ જનાબ મુફતી અહમદ દેવલા સાહેબ દા.બ.એ જારી કરેલ શોક દર્શાવતું અખબારી નિવેદન

તા. ૨૫–૧૧–૨૦૨૦

*રાષ્ટ્રના સન્માનનીય નેતા અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના શિલ્પી એવા ભરૂચના સપૂત અહમદ પટેલની ચિરવિદાય*

રાષ્ટ્રના સન્માનીય નેતા અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પાયાના શિલ્પી એવા ભરૂચના સપૂત અહમદ મહંમદ પટેલની આ ફાની દુનિયાની ચિર વિદાયથી અત્યંત દુખ અનુભવું છું. અહમદભાઈ નિધનના સમાચાર સાંભળતા જ વ્રજઘાત અનુભવ્યો.

અહમદભાઈ પટેલે પોતાની રાજકીય સફર પોતાના માદરે વતન પીરમણથી શરૂ કરી હતી. અને શરૂઆતથી જ તેઓએ પ્રમાણિકપણે પોતાની અવિરત યાત્રા શરૂ કરી. એક વિરલ વ્યક્તિત્વની વિદાય સમગ્ર રાષ્ટ્રની પ્રજા માટે અને ખાસ કરીને મુસ્લિમ સમાજ માટે ખુબ જ વસમી છે. તેઓ ઈન્સાનિયતના સાચા સેવક હતા. સત્ય, પ્રેમ, નિષ્ઠા, અખ્લાક, સંસ્કારો અને ન્યાયપ્રિયતા જેવા સદગુણોનો સંગમ હતા. તેઓ રાષ્ટ્રના વિકાસ માટે છેલ્લી ઘડી સુધી કાર્યશીલ રહ્યા. અવિરામ એક જ ધૂન, એક જ પ્રયેય અને લગન કે રાષ્ટ્ર પ્રગતિ કરે. જીવનના અંત લગી તેમણે તેમની જાતને દેશના ઉત્થાન માટે ધૂપસળીની જેમ બાળી છે. ચોતરફ સ્વાર્થ અને પ્રપંચના યુગમાં પણ તેમણે હંમેશા દેશની ઉન્નતિ અને ઉત્થાન માટે પોતાની જાતને પ્રામાણિકપણે પેશ કરી છે. અનેક વિઘ્નો અને વિટંબણાઓ વચ્ચે તેઓ કોંગ્રેસપક્ષ માટે વફાદારીના મહાન સ્તંભ તરીકે અડીખમ ઊભા રહ્યા છે. પક્ષને માટે ચોવીસ કલાક ચિંતિત હતા.

કોંગ્રેસ પક્ષની ખૂબ મોટી જવાબદારી તેમના શિરે હતી. દેશની મહત્વની નિતિઓ ના ઘડતરમાં એમનું મહત્વનું યોગદાન રહ્યું છે. અને ભારતીય રાજકારણમાં તેમની એક પ્રામાણિક રાજકારણી તરીકેની નામના ઉચ્ચ સ્તરે હતી. તમામ પક્ષના સભ્યો સાથે તેઓ અતૂટ સંબંધો ધરાવતા હતા.

=અનુસંધાન પેજ : ૨૬ ઉપર..

કોંગ્રેસના કર્મવીર – કાન્તીકાકાના (મહંમદભાઈ)ના ક્રાંન્તિકારી સપૂત
(અહમદભાઈ) ક્રાંતિ અને શાંતિના સ્વપ્નદ્રષ્ટા

# મર્હુમ અહમદ ભાઈ પટેલ મારી નજરે

● બશીર આઈ પટેલ
આચાર્ય, મૌલાના મદની હાઈસ્કૂલ જંબુસર

---

ખુશ્નૂમા ઈસ કોંગેસ કા પેશવા જાતા રહા
ઈસ ભટકટે કારવા કા રેહનૂમા જાતા રહા

આપણા સૌના હરદિલ અઝીઝ અને કોંગ્રેસના કર્મવીર– સ્વપ્નદ્રષ્ટા અને ખૂબ લાંબા સમય સુધી પડકારોની વચ્ચે અડીખમ સ્તંભની જેમ કાર્ય કરતા રાજયસભાના સાંસદ મરહૂમ જનાબ અહમદ પટેલના અવસાનના કારણે સમગ્ર મુસ્લિમ સમાજે અને કોંગ્રેસ પક્ષે ઘેરા આઘાતની લાગણીનો અનુભવ કર્યો. મર્હૂમના કાર્યો, કાર્યશૈલી અને તેઓના ધાર્મિક જીવનથી રાજ્ય અને રાષ્ટ્રના તમામ સમાજના અને સવિશેષ મુસ્લિમ સમાજના બિરાદરો માહિતગાર થાય તે માટે આ 'મારી નજરે મરહૂમ અહમદભાઈ' શિર્ષક હેઠળ લખવા મને પ્રેરણા મળી છે, જેને શબ્દદેહે આપ સૌ વાંચકો સમક્ષ મૂકી રહયો છું.

હદીસ શરીફમાં છે કે 'ઉઝકૂરુ મહાસિન મવતાકુમ' અર્થાત : તમે તમારા મુરદાઓની ખુબીઓ બયાન કરો', જેના કારણે ખાસ કરીને મુસ્લિમ સમાજની વ્યકિતઓને ફાયદો થાય, કે આટલા વ્યસ્ત રાજકીય પદ ઉપર પહોંચનાર રાજનેતા પણ પોતાની જાતને ખુબીઓના ઉચ્ચ સ્થાને પહોંચાડે છે અને સાથે જ ઈસ્લામિક સિધ્ધાંતોને વરેલા હોય છે. કોઈને ઈબ્રત મળે, કોઈને સબક મળે, એ હેતુ મારા આ લેખનો છે.

અલ્લામા ઈકબાલના મત પ્રમાણે :

હઝારો સાલ નરગીસ અપની બેનૂરી પે રોતી હે
બડી મુશ્કિલ સે હોતા હે ચમનમેં દીદાવર પયદા

કહેવાય છે કે સુંદરતાને નિરખવા, સમજવા અને પરખવાવાળી દષ્ટિ જયાં સુધી નથી હોતી, ત્યાં સુધી સુંદરતા પુરવાર થતી નથી, અને આવી પારખુ દ્રષ્ટિવાળા પણ કોઈ સહેલાઈથી જન્મ લેતા નથી. ઘણા વર્ષો પછી કોઈ એકાદ વિરલો જન્મ લે છે. સમય, સમાજ, ધર્મ રાજકરણ અને ઉચ્ચ માનવીય સંબંધોને

પારખવાની તીવ્ર દ્રષ્ટિ ધરાવતું એવું વિશેષ વ્યકિતત્વ એટલે મર્હૂમ અહમદભાઈ પટેલ.

મારી ૨૫ વર્ષની નોકરીના સેવાકાળ દરમ્યાન અનુભવેલા મુર્હમ અહમદભાઈ પટેલની જીવન ઝરમરના અમુક અંશોને વર્ણવતાં હું જણાવીશ કે તેઓ એક નિર્મળ સ્વભાવ ધરાવતા મહાનુભવ હતા. ધાર્મિક પ્રકૃતિના હતા અને મુસ્લિમ સંસ્કારોનું સિંચન તેમનામાં ભારોભાર થયેલુ હતું. હું ૨ વર્ષ અગાઉ સરકાર દ્વારા રજા રાહત પ્રવાસ યોજના હેઠળ ૮ દિવસ માટે દિલ્લીના પ્રવાસે પરિવાર સહિત ગયો હતો, ત્યારે મારા દિલ્લીના રોકાણ દરમ્યાન ત્રીજા દિવસે ડિસેમ્બર માસની કડકડતી ઠંડીમાં મેટ્રો મારફત તેમની કોઠી (નિવાસસ્થાન) ઉપર મારા મોટા પુત્ર હાફેઝ નઈમ સાથે શુભેચ્છા મુલાકાત માટે ગયો હતો, ત્યારે ૧૫ થી ૨૦ મીનીટ મુલાકાત થઈ હતી, તેના અંશો કંઈક આ મુજબ હતા :

'બશીરભાઈ કેમ આવવું પડયું ?'

મેં કહયું : શુભેચ્છા મુલાકાતે. કોઈ કામ નથી

પછી તેઓએ મને જણાવ્યું કે હું મારા મામૂલાત પૂરા કરી લઉં તમે બેસો, એ મામૂલાત પુરા કરતા હતા, અમે તેમની સામે બેઠા હતા. બરાબર તે જ સમયે દેશના ત્રણ રાજયો રાજસ્થાન, છત્તીસગઠ અને મધ્યપ્રદેશની ચૂંટણીઓ હતી, મધ્યપ્રદેશના બે કદાવર નેતા તેઓને મળવા આવ્યા, તેમને પણ મામૂલાત પૂર્ણ થતા સુધી બેસવાની સૂચના આપી. મામૂલાત પૂણ થયા પછી જામિઅહ અને હઝરત મુફતી સાહબેના ખબર અંતર પૂછયા, ચા પીવડાવી અને મુલાકાતનું કારણ પૂછયું. મેં જણાવ્યું કે શુભેચ્છા મુલાકાત. તો મારું દિલ્લી આવવાનું કારણ પૂછયું. તે તેમને L.T.C. ઉપર આવ્યો છું, એમ જણાવી કહયું કે ભરૂચ જિલ્લાનું ગૌરવ તમે છો, એટલે દિલમાં થયું કે મળવું જોઈએ, તો તેઓએ જણાવ્યું કે હું અહિંયા જે કંઈ છું, આલિમોની અને સજ્જનોની દુઆઓથી છું, તેઓએ મારી સરકીટ હાઉસમાં સહપરિવાર રહેવાની વ્યવસ્થા માટે કહયું, મેં ના પાડી કે મુફતી સાહેબે અગાઉથી મારી વ્યવસ્થા કરી છે. વાત આગળ વધારું તો મધ્યપ્રદેશથી આવેલ રાજકીય મહાનુભવો કરોડની રકમનો હિસાબની વાત કરતા હતા ત્યાં મર્હુમને અધ વચ્ચેથી અટકાવી મેં ઈજાજત ચાહી તો કહયું કે કોઈ ખાનગી નથી બેસો, આપણે સાથે નિકળીએ છીએ. તેઓને P.M. ની મિટીંગમાં જવાનું હતું, તેઓ નિકળ્યા પછી અમે તેમની કોઠી ઉપરથી જયારે

નીકળ્યા તો કોઈ સાધન કે બસ ઉપલબ્ધ ન હતી, અને જડબેસલાક સુરક્ષાકર્મીઓ ખડે પગે રોડ ઉપર થોડા થોડા અંતરે ઉભા હતા, મને અને મારા દિકરાને જોઈને એક સુરક્ષાકર્મી દોડતા આવ્યા : 'મુલ્લાજી કહાં જાના હે ?' યહાં કોઈ રીક્ષા ઔર બસ નહીં મિલેગી'. નામ, સરનામું અને કોને મળવા આવ્યા હતા, પૂછતાછ કરી, જોગાનુજોગ ૨૦ મીનીટ પછી એમની ડયુટી પૂર્ણ થતી હતી, તેઓએ અહમદભાઈનું નામ સાંભળી તરત જ તેમની અંગત ગાડીમાં અમે જયાં રોકાયા હતા ત્યાં છોડયા, મને અજાણ અને અપરિચિત વ્યકિતથી ડર લાગતો હતો એટલે મેં સુરક્ષાકર્મીની ગાડીનો નંબર નોંધી લીધો હતો, ફૌજીભાઈ પરધર્મી હતા, પરંતુ અહમદભાઈના સંસ્મરણો કરતાં કરતાં ૩૦ મીનીટ સુધી અમને ગાડી હંકારી મુકવા આવ્યા, એનું નિમિત્ત મર્હુમ અહમદભાઈ હતા.

પ્રસંગ (૨) : મારા રજારાહત પ્રવાસ દરમ્યાન જ અમે સહપરિવાર હુમાયુના મકબરા ઉપર પગપાળા જઈ રહયા હતા, એક પેટ્રોલ પંપ ઉપર ઉભા હતા, બરાબર તે જ સમયે સફેદ કલરની ઈનોવા ડ્રાઈવરની સીટ ઉપર આગળ કાચ પાસે C.B.I. નું બોર્ડ હતું, ગાડી ડિઝલ પુરાવવા જઈ રહી હતી, ગાડીમાંથી ઉતરી ડ્રાઈવરે મારી સમક્ષ આવીને કહયું કે મુલ્લાજી કહાં જાના હે ? મેં મારી ગરજ બતાવી, તેઓએ મારા સમગ્ર પરિવારના કુલ ૬ સભ્યોને ઈનોવા ગાડીમાં હુમાયુના મકબરા ઉપર છોડયા, ગાડીમાં ચર્ચા કરતા અહમદભાઈ પટેલના ગુણગાન ગાઈને કહયું કે આપ કે લિબાસ સે મેં સમજ ગયા કે અહમદ પટેલ કે જીલ્લે કે હી હોને ચાહિયે. પછી મને ગાડીમાં મર્હૂમ અહમદ પટેલના એમને મળેલા સાથ સહકારની યશાંગાથા વર્ણવી. જો કે હું ફૌજીની ગાડીની જેમ C.B.I.ની ગાડીથી ગભરાયો હતો, જો કે C.B.I. કર્મચારી સહધર્મી (મુસલમાન) હતા.

પ્રસંગ (૩) : જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસરમાં હઝરત મૌલાના ઈબ્રાહીમ પાંડોર સાહેબની ખાનકાહમાં તેઓ ઉપસ્થિત હતા, ત્યારે તેઓએ ઝોહરની નમાઝ જામિઅહમાં મૌલાના ઈબ્રાહીમ સાહેબની મુલાકાતના હેતુથી જ અદા કરેલી, નમાઝ ઉભી થવાને થોડો સમય બાકી હતો, છતાં દીની તલબથી રોકાઈને પુરસુકૂન મુલાકાત કરી દુઆઓ લીધેલી એવું મને બરાબર યાદ છે.

પ્રસંગ (૪) : યુ.પીએ સરકારના પ્રથમ શાસનમાં હું અને મારા બે મિત્રો (૧) માય એ. એ. અને (૨) હુસૈન પટેલ બંને શિક્ષકો દિલ્લી ફરવા માટે ગયેલા,

ત્યારે અમારી ત્રિપુટી સવારે ૧૦ કલાકે અહમદ ભાઈ પટેલને મળવા ગઈ, તો જોયું કે તેઓ હાથમાં તસ્બીહ લઈ પોતાની કોઠીના ગાર્ડનમાં તસ્બીહ પઢતા પઢતા ચક્કર લગાવતા હતા, મુલાકાત પછી ચા – નાસ્તો કરાવ્યો. અમે પગપાળા ત્યાંથી નીકળ્યા, ઈન્ડિયા ગેટ જતા હતા ત્યારે ઈન્ડિયા ગેટ ક્રોસિંગ પાસે સિગ્નલે તેઓએ અમને જોયા, ગાડીમાં બેસવાનો ઈશારો કર્યો , આગ્રહ કર્યો, પરંતુ અમે પગપાળા ફરવાનું પસંદ કર્યુ એટલે ના પાડી. અમારી જેવા સાવ સામાન્ય માણસની આટલી કદર કરનાર મહાનુભવ હતા.

પ્રસંગ (૫): ધી ખરોડ સાર્વજનિક હાઈસ્કૂલના તત્કાલીન પ્રમુખ અને મર્હુમ અહમદભાઈની ક્રિકેટ ટીમના એક સક્રિય સભ્ય એવા મર્હુમ મકસૂદ સાહેબે એક દિવસની ખરોડની મુલાકાતમાં મને જણાવ્યું હતું કે અહમદભાઈ નિયમિત નમાઝ પઢતા હતા, ગમે તેવી રસાકસી વાળી મેચ હોય, નમાઝથી તેઓ ગાફેલ ન રહેતા અને જણાવતા કે આ દીની સંસ્કારો તેમને પિતૃક વારસામાં મળેલ છે.

પ્રસંગ (૬) : હું અને મારા સહકર્મી જહીરભાઈ મહારાજ જયારે જયારે પીરામણ કામ અર્થે ગયા છે, ત્યારે તેઓને મસ્જિદમાં નિહાળ્યા છે અને વહેલી સવારે તિલાવત કરે છે એવી વાત તેમના કુટુંબીજનોએ જણાવેલી છે.

પોતાના ચૂંટણી પ્રચાર દરમ્યાન જયારે જંબુસર આવતા, તો અવશ્ય જામિઅહમાં પધારતા હતા, એકવાર રાજબબ્બર ફિલ્મ અભિનેતા સાથે અસરના સમયે જામિઅહમાં આવેલા, મુફતી સાહેબ પોતાના નિયત સમય મુજબ મસ્જિદમાં હતા, આવતાની સાથે જ અઝાન થતા મરહુમ અહમદભાઈ પણ નમાઝ માટે પ્રયાણ કરી ગયા. મહેમાનોની વ્યવસ્થામાં હું હતો, મેં રાજબબ્બર સા.ને ચા નો આગ્રહ કર્યો તો જણાવ્યું કે નહીં હમ અહમદ સાહેબ કી નમાઝ કે બાદ હી ચા પીયેંગે, નમાઝ સે પેહલે ચા નહીં પી સકતે. આ વાત પરધર્મી ઉપર અહમદભાઈના દીની પ્રભાવ વર્ણવવા માટે કરી છે.

પ્રસંગ (૭) : હું એક વાર શિયાળામાં અસરના સમયે કોઈ કામ અર્થે પીરામણ ગયો હતો, અસરની અઝાનને ૧૦ મિનીટનો સમય બાકી હતો, હું મસ્જિદમાં ગયો, ત્યાં જામિઅહ જંબુસરના હાફિઝ અને ઈસ્લામપુરના વતની મસ્જિદમાં ખિદમત આપતા હતા, મને જોઈ આવવાનું કારણ પૂછયું, તો મેં અહમદ પટેલની મુલાકાતની ગરજ દર્શાવી, હાફેઝ સાહેબે જણાવ્યું કે હમણાં જ મસ્જિદમાં આવશે. મસ્જિદમાં મુલાકાત સારી થશે અને ખરેખર મસ્જિદમાં

મુલાકાત થઈ અને તેઓ નમાઝ અદા કરી કબ્રસ્તાનમાં ગયા.

ખૈર, સજ્જન વાંચકો મારા જીવન દરમ્યાન આ સંસ્મણો મારી સ્મૃતિપટ પર હતા, જે આપ સમક્ષ વર્ણવ્યા છે, હું યુ.પી.એ. શાસન – ૨ માટેનું જયારે ચૂંટણી પરિણામ આવ્યું ત્યારે હું કર્ણાટક ધાર્મિક પ્રવાસમાં હતો, અને પરિણામનો રિવ્યુ આપવાની કમિટીના પત્રકારો સમક્ષ શ્રીમતી સોનીયા ગાંધી અને અહમદ ભાઈએ એ વાતો ઉલ્લેખ કરેલો કે આ જીતમાં સમાજના ધાર્મિક વડાઓ, (ખાસ કરીને મુસ્લિમો માટે)ની પાર્થના અને દુઆઓનું પરિણામ બતાવ્યું હતું અને એટલું જ નહીં, સોનિયા ગાંધી અને અહમદભાઈએ આભાર દર્શી પત્રો પણ ધાર્મિક વડાઓને પાઠવ્યા હતા, એવું મારુ અંગત તારણ અને મુલ્યાંકન છે કે ગુજરાતના તમામ નામવર ઉલમાએ કિરામ ઉપરાંત ઈદારાની તાલીમી ગતિઓથી માહિતગાર પણ થતા.

સામાન્ય રીતે એવું બને છે કે સામાન્ય માનવી ઉપર સંજોગો અને પરિસ્થિતિ શાસન કરે છે અને તે માનવી સંજોગો તળે દબાઈને તેમનો ગુલામ બની જાય છે, પરંતુ શકિતશાળી અને અસાધારણ માનવી સંજોગો અને પરિસ્થિતિઓ ઉપર શાસન કરે છે, પોતાની નિર્ણય શકિત, અડગ હિંમત અને સતત પ્રવૃત્તિમયતા વડે ગમે તેવા વિપરીત સંજોગો અને પરિસ્થિતિઓને સાનુકૂળ બનાવી દે છે, મર્હુમ અહમદ પટેલ સાહેબ તેનું જલવંત ઉદાહરણ છે. તેઓએ હમેશાં પડકારોમાં કામ કર્યું છે અને કોંગ્રેસના અને સજ્જનતા – માનવતાના એક સાચા સિપાહી તરીકે ઉભરી આવ્યા, મને લાગે છે કે અહમદ પટેલને કંઈક આ શેર યોગ્ય બેસે છે.

વો મર્દ નહીં ડર જાએ જો હાલાત કે ખુની મંઝર સે
ઉસ હાલમેં જીના લાઝિમ હે, જિસ હાલમેં જીના મુશ્કિલ હો

પ્રખર રાષ્ટ્રવાદી, શાંતિ ભાઈચારાના પ્રખર હિમાયતી એવા નખશીખ સજ્જનની ખોટ સમગ્ર ભારતના મુસ્લિમ સમાજને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસને અને સવિશેષ ભરૂચ જિલ્લાના મુસ્લિમ સમાજને વરસો સુધી સાલશે અને તેઓ જાણે આપણને સૌને કહી રહયા હોય એવું લાગે છે કે

યાદ આએગી મેરી વફાએ તુમકો દેખના
કદ્ર હોગી તુમકો મેરી મર જાને કે બાદ

રાષ્ટ્રીયકક્ષાના તમામ નામવર આલિમો ઉપરાંત મુસ્લિમ રેહનુમાઓ સાથે

તેમનો આત્મીય સંબંધ હતો, રમઝાન માસમાં પોતાના દિલ્લી સ્થિત નિવાસ્થાને તેઓ તરાવીહ પણ ખુબ સંયમતા પૂર્વક અદા કરતા હતા અને પોતાની કોઠી ઉપર દિલ્લી સ્થિત પોતાના પક્ષના કે અન્ય પક્ષોના મુસ્લિમ સદસ્યોને પણ સાથે શામેલ કરતા હતા, એવું વિશ્વાસ પાત્ર વર્તુળોથી જાણવા મળ્યું છે.

મરહુમ અહમદભાઈ સત્યવકતા હતા, તેઓ પોતાના પ્રવચનોમાં એક શેર બોલતા હતા કે 'સચ્ચાઈ કી તાકત છૂપ નહીં સકતી બાતિલ કે ઉસૂલો સે–ખુશ્બૂ આ નહીં શકતી કાગઝ કે ફૂલોં સે', તેઓએ બાતિલથી દૂર રહેવાના મારી દ્રષ્ટિએ શકય તેટલા પ્રયત્નો કર્યા છે. અને સત્યની સુગંધને પ્રસરાવવાનું કાર્ય કર્યું છે.

જામિઅહ ઉલૂમુલ કુર્આન –જંબુસર અને તેના મોભી મુફતી અહમદ સાથે તેઓને ખૂબ નિકટતા હતી. હઝરત મુફતી સાહેબ જમીઅત અને મુસ્લિમ પર્સનલ લો બોર્ડની મીટીંગમાં દિલ્લી હોય અને તેઓને ખબર થાય કે તરત જ તેઓ સામે ફોન કરતા કે મુફતી સાહેબ ઘરે આવો બેસીએ, જમીએ, જેનો હું સાક્ષી છું, એટલું જ નહીં મુફતી સાહેબ દ્વારા માંગ કરેલ કામોને બની શકે ત્યાં સુધી પુરો ન્યાય આપ્યો છે. તેઓ જંબુસરના પ્રવાસ દરમ્યાન અવશ્ય ઈદારાની મુલાકાત લેતા અને ઈદારાની તાલીમી ગતિવિધિઓથી માહિતગારપણ બનતા, ખરેખર ધન્ય છે, એવા પરિવારને અને તેમના માતા – પિતાને કે તેઓએ એક કર્મવીરને જન્મ આપ્યો, ઝવેરચંદ મેઘાણીના શબ્દોમાં મને કહેવાનું મન થાય છે :

જનની જણે તો ભકત જણ        કાં દાતા કાં સુર
નહીં તો રહેજે વાંઝણી        મત ગુમાવીશ નુર
જનની જણે તો જણજે કાં દાતા કાં સૂર

બસ આ અંતમાં મારી શબ્દરૂપી નૈયાને કિનારે લાંગરતા એટલું જ કે સમગ્ર રાષ્ટ્ર કોંગ્રેસ પક્ષ અને મુસ્લિમ સમાજ તેમના રાષ્ટ્ર માટેનું આ અસાધારણ યોગદાન માટે હમેશાં યાદ કરતો રહેશે.

ખુદા બખ્શે બહૂત સી ખૂબીયાં થી મરનેવાલે મેં

અલ્લાહ પાકથી દુઆ છે કે અલ્લાહ પાક તેઓની ખિદમતોને કબૂલ ફરમાવી, જન્નતુલ ફિરદૌસમાં આ'લા મકામ નસીબ કરે, પરિવારજનોને અને આપ્તજનોનને સબ્રેજમીલ નસીબ કરે, આમીન સુમ્મ આમીનત્ર

આશ્માં તેરી લહદ પર શબનમ અફસાની કરે
સબ્ઝએ નવરિસ્તા ઉસ ઘરકી નિગેહબાની કરે ●

શરઈ માર્ગદર્શન

# ફતાવા વિભાગ

મવ. મુફ્તી અસ્જદ
દેવલ્વી સાહેબ
તસ્દીક કર્તા
મવ. મુફ્તી અહમદ દેવલા
સદર મુફ્તી જામિઅહ જંબુસર

## તલાક પછી બાળકીની પરવરિશનો હક

સવાલ : (૧) મારા પુત્રની શાદી જંબુસર મુકામે થયેલ હતી જે એક બીજાને મનમેળ ન થતાં છૂટા છેડા (તલાક) થયેલ છે. આ નિકાહ પેટે મારી પૌત્રી જેની જન્મ તારીખ : ૭ / ૭ / ૨૦૧૧ છે. જે અમારે પરત મેળવવાની છે. મારી પૌત્રીના નાના તેને પરત આપવા માટે શરીઅતી સમયના બંધાયેલા છે. તો મારી પૌત્રી પરત મેળવવા માટેનો સમય શરીઅતની રોશનીમાં જણાવવા આપ સાહેબને વિનંતી છે.

જવાબ: (૧) حامدًا و مصليًا ومسلمًا

શરઈ દ્રષ્ટિએ નાની બાળકીના પરવરિશની હકદાર તેની મા છે અને આ હક તેને કોઈ શરઈ કારણ પરવરિશ માટેનું બાધરૂપ ઉપસ્થિત ન થાય તો બાળકીની ઉમર ૯ વર્ષની વય થતાં સુધી પ્રાપ્ત રહે છે, મઝકૂર હુકમ પ્રત્યેક તે ઓરતનો છે, જેને શરીઅત તરફથી પરવરિશનો હક મળે છે. (દુર્ર – શામી : ૨ / ૬ / ૨૮૭૪ ૬૯૭) રજૂ કરેલ સ્થિતિમાં આપની પૌત્રીની પરવરિશનો હક તેની મા ને અને મા ન હોવાની સ્થિતિમાં નાનીને પૌત્રીના બાલિગ (કિંવા નવ વર્ષની ઉમર) થતા સુધી પ્રાપ્ત રહેશે, ત્યાર બાદ મઝકૂર બાળકીને તેના પિતાને અને પિતા ન હોવાની સૂરતમાં આપ (દાદા)ને સુપ્રત કરી આપવામાં આવશે, તેની જન્મ તારીખ જોતા હાલના તબક્કે તેની મા પાસેથી અથવા નાની પાસેથી કોઈ શરઈ કારણ વિના આપને પરત લેવાનો શરઈ હક નથી, બલકે મઝકૂર તારીખથી ઈસ્લામી મહીના મુજબ કુલ 'નવ' વર્ષ પુર્ણ થયે પરત મેળવી શકો છો.

ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે.

## *મરહૂમ તરફથી ચુકવેલ કરજ તરકહમાંથી લઈ શકાય ?*

સવાલ (૨) : એક માણસનો ઈન્તેકાલ થયો છે તેઓનું ૨,૦૦,૦૦૦ (બે લાખ) રૂપિયા કરજ હતું, જે ઈંગ્લેન્ડમાં રહેતા મરહૂમના છોકરાઓએ ચૂકવ્યું છે તો મરહૂમના તરકહ–વારસામાંથી મજકૂર કરજ બાદ કરી શકે ?

જવાબ : (૨) حامدًا و مصليًا ومسلمًا

મરહૂમની વફાત વેળાએ તેઓના શિરે જે કરજ હતું, તેની અદાયગી વાલિદ સાહેબ ખાતર, સવાબની નિય્યતે એક નેકી સમજી પોતાના તરફથી કરી હોય તો આવી સૂરતમાં મરહૂમના કરજ પેટે જે બે લાખ રૂપિયાની ચૂકવણી કરી છે, તેને તરકહમાંથી વસૂલ કરવામાં ન આવે, કે એક નેક કાર્ય કરી આપે એનો બદલો સવાબ રૂપે પ્રાપ્ત કરી લીધેલો ગણાશે. (ફ. મહમૂદિય્યહ : ૨૦ / ૧૬૨ ઉપરથી)

અને જો મરહૂમનું કરજ ચૂકવણી કરતી વખતે જ આપનો એ આશય હતો કે બાદમાં તરકહમાંથી વસૂલ કરી લઈશ, તો આવી સ્થિતિમાં આપ મરહૂમના તરકહ – વારસામાંથી વસૂલ કરવાનો હક રાખો છો, જેને આપે દર્શાવેલ તરકહ (વારસા રૂપી માલ – મિલકત) મકાન અને રોકડ રકમમાંથી સર્વ પ્રથમ વસૂલ કરી લેશો.

## *છોકરાએ બનાવેલ મકાન વાલિદની માલિકીમાં નહીં ગણાય*

સવાલ (૩): એક મકાન જે વાલિદ સાહેબની હયાતીમાં ઈંગ્લેન્ડમાં રહેતા મર્હૂમના છોકરાએ સંપૂર્ણ ખર્ચ આપીને બનાવ્યું હતુ તે વારસા વહેંચણીમાં લેવું જોઈએ કે નહીં ?

જવાબ (૩) : حامدًا و مصليًا ومسلمًا

સદર મકાન પ્લોટથી લઈ દરેક વસ્તુ આપે પોતાના ખર્ચે પોતાના માટે જ તૈયાર કરાવી હોય, ન કે મરહૂમ વાલિદ સાહેબ અર્થે, તો પછી તેના માલિક આપ જ ગણાશો અને આ મકાન આપના મરહૂમ વાલિદ સાહેબનું ગણાશે નહીં. અને હવે વફાત થતાં આપના વાલિદ સાહેબના વારસામાં પણ ગણાશે નહીં અને તેમાં વારસા વહેચણીનો નિયમ લાગુ થશે નહીં.

*ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે. (૩, સફર ૧૪૩૪ હિજરી/૧૭, ડિસેમ્બર ૨૦૧૨ ઈ.)*

***બીજા નિકાહની મહેર અલગથી આપવી જરૂરી છે.***

સવાલ (૪) : એક ઓરતની આજથી આઠ વર્ષ પહેલા શાદી થઈ હતી, જેમાં એક હજાર રૂપિયા (૧૦૦૦) રોકડા મહેર નક્કી થઈ હતી અને તે આપી દીધેલ છે. શાદી પછી નિભાવ ન થતાં કોર્ટથી તલાક લેવામાં આવી હતી, અને હવે આઠ વર્ષ પછી રમઝાન પહેલા બન્નેવ પક્ષોની રજામંદીથી પાછા બીજી વખત નિકાહ કરવામાં આવ્યા, જેમાં બે હજાર રૂપિયા ઉધાર મહેર નક્કી થયેલ છે, જે મળ્યા નથી અને હવે છોકરી ચાર મહીના શોહર સાથે રહીને નિભાવ ન થતાં તલાક લેવાનું કહે છે, છોકરા પક્ષવાળાનું એવું કહેવું છે કે પહેલા નિકાહ વખતે આપેલ મહેર ૧૦૦૦માં આ વખતની બાકી મહેર પણ આવી ગઈ અને હવે ૨૦૦૦ બીજા નિકાહની બાકી મહેર આપવામાં નહીં આવે તો શું બીજા વખતની બાકી મહેર ૨૦૦૦ રૂપિયા શોહર પર વાજિબ નથી ? કે વાજિબ છે ?

જવાબ : (૪) حامدًا و مصليًا ومسلمًا

રજૂ કરવામાં આવેલ સૂરતમાં ૨૦૦૦/– રૂપિયા મહેર આપવું શોહરના શિરે વાજિબ છે અને અગાઉ થયેલ નિકાહમાં આપેલ ૧૦૦૦/– રૂપિયા મહેરને ફરીવારના નિકાહના મહેર ૨૦૦૦ રૂપિયામાંથી બાદ કરવામાં નહીં આવે કે પ્રથમ નક્કી કરવામાં આવેલી મહેર પહેલી વાર કરેલ નિકાહનો હક છે અને બીજી વાર નકકી કરેલ મહેર, બીજી વાર કરવામાં આવેલ નિકાહનો હક છે.

આ વાત ધ્યાનમાં રહે કે શરીઅત તરફથી નિકાહમાં મહેરને વાજિબ અને જરૂરી ઠેરવવામાં આવી છે; પછી તે નિકાહ પહેલી વખતે હોય કે બીજી વખતે હોય, આથી શોહર દ્વારા અથવા તેના તરફથી નિયુકત પંચી લોકોનું આમ કહેવું કે પ્રથમ નિકાહમાં આપવામાં આવેલ મહેરમાં બીજા નિકાહની મહેર પણ આવી ગઈ, સદંતર ખોટુ છે, આ મહેરની ચૂકવણી અલગથી શોહરના શિરે લાજિમ છે.

ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે.

*(૨૨, સફર ૧૪૩૪ હિજરી – ૫ – જાન્યુઆરી ૨૦૧૩ ઈ.)*

બોધકથા

એક દિવસ હું ટેકસી મારફત એરપોર્ટ જઈ રહયો હતો. અમારી ટેકસી સીધા રોડ ઉપર પૂરપાટ દોડી રહી હતી. એટલામાં રોડની બાજુમાં આવેલ એક કારપાર્કિંગમાંથી અચાનક એક કાર તેજ ગતિએ નીકળીને અમારી સામે આવી ગઈ. એ કાર અમારી કાર સાથે ટકરાય જાય એ પહેલાં અમારા ડ્રાઈવરે બ્રેક લગાવી, એટલે અમે એક મોટા અકસ્માતથી બચી ગયા.

આ બધું એટલું ઝડપી બની ગયું કે દિલના ધબકારા પણ વધી ગયા. અમે બન્ને હજુ તો એના આઘાતમાંથી નીકળ્યા પણ ન હતા કે પેલો ડ્રાઈવર આવીને અમારા ઉપર ગુસ્સે થવા માંડયો. અમારી ટેકસીના ડ્રાઈવરનો વાંક બતાવીને એલ ફેલ કહેવાનું શરૂ કરી દીધું. હું વિચારવા લાગ્યો કે અકસ્માતથી બચ્યા તો હવે ઝઘડામાં ફસાયા ! પણ અમારા ટેકસી ડ્રાઈવરે પોતાનો ગુસ્સો રોકીને, શાંત સ્વભાવે પેલા ભાઈને જવાબ આપ્યો અને સોરી કહીને એને શાંત કરી દીધો. અને પછી એક સફળતાની મુસ્કાન મોઢા પર સજાવીને ટેકસી એરપોર્ટના રસ્તે હંકારી દીધી.

મને એના વહેવારથી ઘણી નવાઈ ઉપજી. મેં એને પૂછયું કે, ભૂલ સામે વાળાની હતી, અને તે પણ એવી કે આપણે એક મોટા અકસ્માતના શિકાર થઈ જાત, છતાં તમે એનાથી માફી કેમ માગી ?

ટેકસી ડ્રાઈવરે જે જવાબ આપ્યો, એ ઘણો બોધદાયક હતો :

એણે કહયું કે, અમુક લોકો કચરો ભરેલી ટ્રક જેવા હોય છે. તેઓ આખા રસ્તે કચરો લઈને ફરતા હોય છે, ગુસ્સો, નાકામી, હતાશા, ઈર્ષા, અદેખાઈ, કપટ અને નફરત જેવી અનેક નકારાત્મક બાબતો દિમાગમાં લઈને ફરતા હોય છે. તેઓ પોતાના અંદરના આ કચરાને ફેંકવા માટે જગ્યા શોધતા હોય છે, જયાં મોકો મળે અને જગ્યા મળે, તેઓ આ બધું એક સાથે ઠાલવી નાખવા માંગતા હોય છે. માટે આપણે સાવચેત રહેવું જોઈએ અને આપણે આવા લોકોના કચરાની કચરાપેટી ન બનવું જોઈએ.

આપણને પણ કદી આવા લોકોનો સામનો થઈ જાય તો એમની સાથે ચોંટવાના બદલે આગળ વધી જવું જોઈએ અને આવા લોકો માટે અલ્લાહ તઆલા પાસે હિદાયતની દુઆ કરવી જોઈએ.

*–– અરબી લેખક 'અલી તન્તાવી'ના લખાણનો ભાવાનુવાદ*

### અલ્લાહની નાફરમાની

હદીસ શરીફમાં છે : જે માણસ અલ્લાહ તઆલાની નાફરમાની કરીને સમાજમાં ઈઝઝત શોધે છે તો એના શુભેચ્છકો જ એના ટીકાકાર અને વિરોધી બની જાય છે.

### દિલનો કટોરો

એક બુઝુર્ગ ફરમાવે છે કે માણસોના દિલ એક કટોરા જેવાં છે. જે દિલમાં ઈમાન ભરેલું હોય છે, એ મુસલમાનો સાથે રહેમ – કરમનો વર્તાવ કરે છે, એમની રાહતની ફિકર કરે છે. અને જે દિલમાં ઈમાન નથી હોતું, મુનાફકત ભરેલી હોય છે, એ મુસલમાનો પ્રત્યે હસદ, અદાવત, દગો અને બુરાઈના વિચારો વ્યકત કરે છે.

### શબ્દો અને વાણી

માણસના દિલમાં શું ચાલી રહયું છે એ ફકત એના શબ્દો – વાણી થકી જ વ્યકત થઈ શકે છે. અલ્લાહ તઆલાની કુદરતની આ એક મોટી નિશાની છે.

### દિલનો રોગી

કોઈ માણસ અન્યોની વાતો, નસીહત અને વઅઝોમાંથી ફકત એવી વાતો ગ્રહણ કરતો હોય જે એના સ્વભાવ કે પસંદની હોય તો સમજી લ્યો કે એના દિલમાં રોગ છે.

### સંબંધોની સુવાસ

હઝરત અબૂ દરદાઅ રદિ. એમના પત્નિને કહેતા હતા કે, જો હું ગુસ્સે થઈ જાઉં, તારાથી નારાજ થઈ જાઉં તો તારે મને રાજી કરી લેવો, અને તું ગુસ્સે કે નારાજ થઈશ તો હું તને રાજી કરી લઈશ, જો આમ નહીં થાય તો આપણે ઘણા જલદી છુટા પડી જઈશું.

### માણસનું મન

ઈબ્ને રજબ રહ. ફરમાવે છે કે માણસનું મન એની સવારીના જાનવર જેવું છે. માણસ એને મહેનતની આદત પાડશે તો મહેનત કરશે. અને જો સુસ્તીની આદત પાડશે તો સુસ્ત પડી જશે, અને પછી એને લાંબી સફરમાં કામ નહીં આવે.

### મુહબ્બત અને લાગણી

હઝરત ઈબ્ને અબ્બાસ રદિ. પાસેથી એક માણસ પસાર થયો. ઈબ્ને અબ્બાસ રદિ.એ કહેવા લાગ્યા કે આ માણસ મારી સાથે મહોબ્બત અને લાગણીનો સંબંધ રાખે છે. કોઈકે પુછયું કે તમને કેવી રીતે ખબર પડી ? તો એમણે જણાવ્યું કે, મારા દિલમાં એના પ્રત્યે લાગણી અને મુહબ્બત છે.

### આલિમ કોણ ?

અવામ અને સામાન્ય લોકો માટે મિમ્બર ચડી જનાર દરેક માણસ 'આલિમ' હોય છે. પણ વાસ્તવિકતા આવી નથી. આલિમ, કુરઆન અને હદીસને સમજનાર અને એ મુજબ લોકોને તાલીમ આપનારને કહેવામાં આવે છે.

## દુઆએ મગફિરત

બ્રોડફોર્ડ, યુ.કે. ખાતે સ્થાયી જનાબ હાફેજ અહમદ દશાન રહ. પાછલા દિવસોમાં ઈન્તેકાલ ફરમાવી ગયાના સમાચાર છે. ઈન્નાલિલ્લાહ. મરહૂમ પ્રથમ દિવસથી જામિઅહના હમદર્દ અને સહાયક રહયા હતા. વ્યકિતગત રીતે પણ જામિઅહના સ્થાપક અને મોહતમિમ મુફતી અહમદ સાહેબ દા.બ.ના દોસ્ત અને અકીદતમંદ હતા. સ્વભાવે મિલનસાર અને મહેમાન નવાઝ હતા. ગરીબો અને જરૂરતમંદોની મદદ માટે તત્પર રહેતા હતા. મોટા વેપારી હોવા છતાં સમૃદ્ધિનો કોઈ ભપકો એના જીવનમાં ન હતો. સાદગી સાથે રહેવા જીવવાને પસંદ કરતા હતા. અનેકવાર જામિઅહમાં પણ પધારતા હતા અને એની સેવાઓથી ખુશ થતા હતા.

અલ્લાહ તઆલા એમની નેકીઓ, ઈબાદતો અને સેવાઓને કુબૂલ ફરમાવે. મગફિરત ફરમાવે. જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ મુકામ અતા ફરમાવે. સગાઓને સબ્ર આપે. અજથી નવાઝે. એમની વફાત પછી પણ બરકતો જારી રાખે. ખાનદાનમાં એમની ખૂબીઓના વારસદાર પૈદા ફરમાવે. આમીન.


ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ રૂલ્સ) ૧૯૫૬ અન્વયે
'અલ બલાગ' માસિક અંગેની માલિકી અને અન્ય માહિતીનું નિવેદન

| | | |
|---|---|---|
| પ્રકાશન સ્થળ | : | જામિઅહ ઉલૂમુલ કુર્આન, બાયપાસ રોડ, જંબુસર, ૩૯૨૧૫૦, જી : ભરૂચ. ગુજરાત. |
| સામયિકતા | : | માસિક |
| મુદ્રક/સરનામું | : | જામિઅહ પ્રિન્ટીંગ પ્રેસ, જામિઅહ કોમ્પલેક્ષ બાયપાસ રોડ, જંબુસર, જી : ભરૂચ |
| પ્રકાશક/તંત્રીનું નામઃ | | અહમદ યાકૂબ પટેલ |
| રાષ્ટ્રીયતા/સરનામું | : | ભારતીય, બાયપાસ રોડ, જંબુસર, ૩૯૨૧૫૦, જી : ભરૂચ. |
| માલિકનું નામ | : | જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર, બાયપાસ રોડ, ૩૯૨૧૫૦, જી : ભરૂચ. ગુજરાત |